સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **14** (03/04/22 to 09/04/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**03 APR-2022**


- ચક્રવાત અસાની (Cyclone Asani) ........ 02
- સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2022 રિપોર્ટ ........ 04
- ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન યોજના (PACER) ........ 06
- QUESTION ANSWERS ........ 08


**04 APR-2022**


- ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહકાર અને વેપાર કરાર ........ 09
- વરૂણ નૌસેના અભ્યાસ ........ 11
- સુપ્રીમ કોર્ટે વેન્નિયર ક્વોટા રદ કર્યો ........ 12
- QUESTION ANSWERS ........ 13


**05 APR-2022**


- દિવસ મહિમા : 5 એપ્રિલ, રાષ્ટ્રીય સમુદ્રી (દરિયાઈ) દિવસ ........ 14
- સુરતમાં ભારતનો પ્રથમ સ્ટીલ સ્લેગ રોડ બનાવવામાં આવ્યો ........ 14
- વન્યજીવ વેપાર પર WWF અહેવાલ ........ 15
- Near Field Communication Technology ........ 16
- QUESTION ANSWERS ........ 18


**06 APR-2022**


- દિવસ મહિમા : 6 એપ્રિલ, વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ ........ 19
- શ્રી વિક્ટર ઓર્બન હંગેરીના નવા વડાપ્રધાન બન્યા ........ 19
- નેપાળના વડાપ્રધાનની ભારત મુલાકાત ........ 19
- ભારતીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રહલાદજી પટેલની 115મી જન્મજયંતિ ........ 21
- ગ્રેમી એવોર્ડ (Grammy Awards) ........ 22
- ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021 ........ 23
- QUESTION ANSWERS ........ 24


**07 APR-2022**


- દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ (World Health Day) ........ 25
- શ્રી વિનય મોહન ક્વાત્રાને નવા વિદેશ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 26
- સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારા બિલ-2022 ........ 26
- QUESTION ANSWERS ........ 28


**08 APR-2022**


- HDFC Limited અને HDFC Bankનું મર્જર કરવામાં આવશે ........ 29
- Women Cricket World Cup 2022 : ઓસ્ટ્રેલિયાએ 7મી વખત વર્લ્ડ કપ જીત્યો ........ 29
- ઓસ્ટ્રેલિયાના ટેનિસ સ્ટાર સુશ્રી એશ્લે બાર્ટીએ 25 વર્ષની ઉંમરે ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 30
- QUESTION ANSWERS ........ 31


**09 APR-2022**


- દિવસ મહિમા : 9 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ ........ 32
- Solid Fuel Ducted Ramjet (SFDR) Booster ........ 32
- QUESTION ANSWERS ........ 34

ONE LINER ........ 35

QUESTION OF THIS WEEK ........ 42


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચક્રવાત અસાની (Cyclone Asani)

તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલા ચક્રવાતને 'અસાની' અથવા 'આસાની' (Asani) નામ આપવામાં આવ્યું છે.

- આ ચક્રવાતના કારણે આંદમાન નિકોબાર, બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકાંઠે ભારે વરસાદ પડ્યો હતો.
- જોકે ચક્રવાત નબળુ પડતા કોઈ જાનહાની કે નુકસાન થયું ન હતું.



### અસાની ચક્રવાતનું નામકરણ

અસાની ચક્રવાતનું નામ શ્રીલંકા દ્વારા આપવામાં આવ્યું છે.

- સિંહલી ભાષામાં 'અસાની'નો અર્થ 'ક્રોધ' થાય છે.

### વર્ગીકરણ

ચક્રવાત અસાનીને ચક્રવાતની ડીપ ડિપ્રેશનની કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

# ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત અસાનીનું નામ શ્રીલંકા દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

Table 1.13: New list of tropical cyclone names adopted by WMO/ESCAP Panel Member Countries in April 2020 for naming of tropical cyclones over North Indian Ocean including Bay of Bengal and Arabian Sea (First name was used in June, 2020)

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| ✓ Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

# સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2022 રિપોર્ટ

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) દ્વારા 'Seeing the Unseen : The Case for Action in the neglected Crisis of Unintended Pregnancy' શિર્ષક હેઠળ 'સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2022 રિપોર્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

### અનપેક્ષિત (અનિચ્છનીય) ગર્ભાવસ્થામાં વધારો

વર્ષ 2015થી 2019ની વચ્ચે અનિચ્છનીય ગર્ભાવસ્થામાં વધારો થયો હતો જેની સંખ્યા સમગ્ર વિશ્વમાં વાર્ષિક 121 મિલિયન જેટલી હતી.

### ગર્ભનિરોધકની સલામત, આધુનિક પદ્ધતિનો અભાવ

વૈશ્વિક સ્તરે અંદાજિત 257 મિલિયન સ્ત્રીઓ ગર્ભાવસ્થાને ટાળવા માંગે છે તેઓ ગર્ભનિરોધકની સલામત, આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરતી નથી.

### બળાત્કાર સંબંધિત ગર્ભાવસ્થામાં વધારો

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બળાત્કાર સંબંધિત ગર્ભાવસ્થામાં વધારો થયો છે.

- લગભગ એક ચતુર્થાંશ મહિલાઓને અનૈચ્છિક જાતિય પ્રવૃત્તિ માટે ફરજ પાડવામાં આવે છે.
- જાતિય પ્રવૃત્તિ દરમિયાન હિંસાનો અનુભવ કરતી સ્ત્રીઓમાં ગર્ભનિરોધકનો ઉપયોગ 53% ઓછો છે.
- સંમતિથી થતી ગર્ભાવસ્થા કરતા બળાત્કારને કારણે ગર્ભધારણ થવાની શકયતા વધુ છે.

### ગર્ભપાતમાં વધારો

60%થી વધુ અનિચ્છનીય ગર્ભાવસ્થા અને લગભગ 30% તમામ ગર્ભાવસ્થા કસુવાડ દ્વારા સમાપ્ત થાય છે.

- વૈશ્વિક સ્તરે કરવામાં આવતા તમામ ગર્ભપાતમાંથી 45% અસુરક્ષિત છે.
- વિકાસશીલ દેશોમાં અસુરક્ષિત ગર્ભપાતના સારવારના ખર્ચમાં દર વર્ષે 553 મિલિયન અમેરિકન ડોલરનો ખર્ચ થાય છે.

## માનવતાવાદી કટોકટીની અસર

યુક્રેનમાં ચાલી રહેલ માનવતાવાદી કટોકટીમાં વધારો થયો છે જેના કારણે ઘણી સ્ત્રીઓ જાતિય હિંસાનો સામનો કરી રહી છે અને ગર્ભનિરોધકની એક્સેસ ગુમાવી રહી છે.

- કેટલાક અભ્યાસો દર્શાવે છે કે 20%થી વધુ શરણાર્થી મહિલાઓ અને છોકરીઓએ જાતીય હિંસાનો સામનો કરવો પડ્યો હોઈ શકે છે.
- કોવિડ-19 મહામારીના પ્રથમ 12 મહિના દરમિયાન ગર્ભનિરોધક પુરવઠામાં વિક્ષેપ હતો જેના કારણે લગભગ 1.4 મિલિયન અણધારી ગર્ભાવસ્થા નોંધાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અનિચ્છનીય ગર્ભાવસ્થા તરફ દોરી જતા પરિબળો

અનિચ્છનીય ગર્ભાવસ્થા તરફ દોરી જતા પરિબળો નીચે મુજબ દર્શાવ્યા છે :

(1) જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળ અને માહિતીનો અભાવ.

(2) ગર્ભનિરોધક વિકલ્પો કે જે મહિલાઓના શરીર અથવા સંજોગોને અનુરૂપ નથી.

(3) જાતીય હિંસા અને સ્વૈચ્છિક પ્રજનન

(4) મહિલાઓની પોતાની પ્રજનન ક્ષમતા અને શરીરને નિયંત્રિત કરતા હાનિકારક ધોરણો અને પ્રથાઓ.

(5) આરોગ્ય સેવાઓ વિશે પૂર્વધારણાઓ.

(6) ગરીબી અને રૂંધાયેલ આર્થિક વૃદ્ધિ

(7) લિંગ અસમાનતા

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UNFPA વિશે

UNFPAનું પૂરુંનામ <u>'The United Nation Population Fund'</u> છે.

- તે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું સહાયક અંગ છે, જે તેની જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે સેવા આપે છે.
- તેની સ્થાપના વર્ષ <u>1967</u>માં <u>ટ્રસ્ટ ફંડ</u> તરીકે કરવામાં આવી હતી અને વર્ષ <u>1969</u>માં તેની કામગીરી શરૂ કરી હતી.
- તેનું અગાઉનું નામ <u>યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝ</u> હતું.
- ત્યારબાદ <u>1987</u>માં તેનું સત્તાવાર રીતે નામ બદલીને <u>'યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ'</u> રાખવામાં આવ્યું હતું.
- જેને સંક્ષિપ્ત રીતે <u>UNFPA</u> તરીકે ઓળખવામાં આવે છે.
- UNFPA પ્રત્યક્ષ રીતે સ્વાસ્થ્ય સંબંધી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-3, શિક્ષણ સંબંધી ગોલ 4 અને લિંગ સમાનતા સંબંધી ગોલ 5ના સંબંધમાં કામ કરે છે.

# ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન યોજના (PACER)

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે 'ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન (Polar Science and Cryosphere-PACER) યોજના'ને 2021થી 2026 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

## PACER યોજના વિશે

ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન (PACER) યોજના નીચેના ઘટકો ધરાવે છે :




(1) ધ્રુવીય સંશોધન જહાજ નિર્માણ

(2) એન્ટાર્કટિકામાં ત્રીજા સંશોધન આધારનું નિર્માણ

(3) આર્કટિકમાં ભારતીય વૈજ્ઞાનિક પ્રયાસો

(4) ધ્રુવીય અભિયાન–એન્ટાર્કટિકા

(5) મૈત્રી સ્ટેશનનું પ્રતિસ્થાપન (બદલી)

(6) દક્ષિણ મહાસાગર અભિયાન

- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા 'રાષ્ટ્રીય ધ્રુવીય અને મહાસાગર સંશોધન કેન્દ્ર' (National Center for Polar and Ocean Research - NCPOR) દ્વારા આ યોજનાનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવી રહ્યો છે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સિસ્ટમ વિશેની આપણી સમજમાં સુધારો કરવાનો છે.
- તાજેતરના ત્રણ વર્ષમાં PACER યોજનાની મુખ્ય સિદ્ધિઓ નીચે મુજબ છે :

(1) આ યોજના હેઠળ એન્ટાર્કટિકામાં 39મી અને 40મી ભારતીય વૈજ્ઞાનિક અભિયાન સફળતાપૂર્વક પાર પાડી છે.

(2) એન્ટાર્કટિકામાં 41મું ભારતીય વૈજ્ઞાનિક અભિયાન ચાલી રહ્યું છે.

(3) આ યોજના હેઠળ બરફની ચાદરની ગતિશીલતા સાથે સંકળાયેલ ભૂતકાળની આબોહવાની પુનઃ નિર્માણ કરવા માટે તળાવોમાંથી 10 તલછટ (કાંપ) કોર એકત્ર કરવામાં આવ્યા છે.

(4) મૈત્રી અને ભારતીય સ્ટેશનો પર સ્વચાલિત હવામાન સ્ટેશનો, એરોસોલ અને ગ્રીન હાઉસ ગેસની સાંદ્રતા માપવા માટે સેન્સર્સનો એક સમૂહ ધરાવતી ક્લિયર–એર વાતાવરણીય વેધશાળાઓ સ્થાપિત કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(5) વર્ષ 2019-20 આર્કટિક અભિયાન દરમિયાન હિમનદી વિજ્ઞાન, સમુદ્રશાસ્ત્ર, ધ્રુવીય જીવવિજ્ઞાન અને વાતાવરણીય વિજ્ઞાન સંબંધીત 23 સંશોધન પ્રોજેક્ટ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા હતા.

(6) હાઈડ્રોફોન સિસ્ટમ સાથેની IndARC મૂરિંગ સિસ્ટમ સફળતાપૂર્વક પુનઃપ્રાપ્ત કરવામાં આવી હતી અને કોંગ્સફજોર્ડન, સ્વાલબાર્ડ ખાતે તૈનાત કરવામાં આવી હતી.

(7) એન્ટાર્કટિકા અને ઓગળેલા કાર્બનિક કાર્બન માર્ગો પર લાંબા ગાળાની આબોહવા પરિવર્તન ક્ષમતાને સમજવા માટે આઈસ કોર વિશ્લેષણ પણ હાથ ધરવામાં આવ્યું હતું.

## ક્રાયોસ્ફિયર શું છે ?

<u>ક્રાયોસ્ફિયર (Cryosphere)</u> એ પૃથ્વીની સિસ્ટમમાં <u>થીજી ગયેલું પાણી</u> છે.

- પૃથ્વી પર કેટલીક જગ્યાઓ એટલી ઠંડી છે કે ત્યાં પાણી થીજી જાય છે.
- વર્ષ દરમિયાન અમુક સમય માટે, આ હિમ અથવા બરફના ક્ષેત્રો $0^0$C ($32^0$ F)થી નીચેના તાપમાને પહોંચે છે અને પછી તેઓ ક્રાયોસ્ફિયર બનાવે છે.
- ક્રાયોસ્ફિયર શબ્દ મૂળ ગ્રીક શબ્દ <u>'ક્રિઓસ'</u> પરથી આવ્યો છે, જેનો અર્થ <u>'ઠંડુ'</u> થાય છે.
- ક્રાયોસ્ફિયરનો એક ભાગ પૃથ્વીના પાર્થિવ અથવા સ્થળીય ભાગમાં જોવા મળતી હિમ અથવા બરફ છે.
- તેમાં ક્રાયોસ્ફિયરના સૌથી મોટા ભાગ જેમ કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં જોવા મળતી ખંડીય બરફની ચાદર, હિમ ટોપી (ICE CAPS), ગ્લેશિયર અને હિમાવરણ તથા પાર્માફ્રોસ્ટ પ્રદેશોનો સમાવેશ થાય છે.
- જ્યારે પાર્થિવ પ્રદેશમાંથી સમુદ્ર તરફ વહેતી વખતે ખંડીય બરફ સપાટી પર તરે છે, ત્યારે તેને <u>'હિમશેલ્ફ' (Shelf ice)</u> કહેવામાં આવે છે.
- ક્રાયોસ્ફિયરના ઘટકો પૃથ્વીની આબોહવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

નોંધ : (1) <u>NCPOR</u> એ <u>પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય</u> હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે.

(2) તેનું મુખ્ય મથક <u>ગોવામાં</u> <u>વાસ્કો દ ગામા</u> ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં બંગાળની ખાડીમાં 'અસાની' (Asani) નામનું ચક્રવાત ઉદ્દભવ્યું હતું. આ નામ કોણે આપ્યું છે ?

(A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા

(C) મ્યાનમાર (D) ઓમાન (B)

2. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ 'સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2022 રિપોર્ટ' પ્રસિદ્ધ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ 'Seeing the Unseen : The Case for Action in the neglected Crisis of Unintended Pregnany' શીર્ષક હેઠળ બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર 2015થી 2019ની વચ્ચે અનિચ્છનીય ગર્ભાવસ્થામાં વધારો થયો હતો જેની સંખ્યા સમગ્ર વિશ્વમાં વાર્ષિક 121 મિલિયન જેટલી હતી.
3. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે બળાત્કાર સંબંધિત ગર્ભાવસ્થામાં વધારો થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

3. UNFPA વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તેનું પૂરું નામ 'The United Nation Population Fund' છે.

(B) તે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું સહાયક અંગ છે, જે જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે સેવા આપે છે.

(C) તેનું અગાઉનું નામ યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝ હતું.

(D) ઉપરોક્ત તમામ (D)

4. તાજેતરમાં 'ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફિયર સંશોધન યોજના' (PACER)'ને 2021થી................ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

(A) 2026 (B) 2030

(C) 2031 (D) 2034 (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહકાર અને વેપાર કરાર

તાજેતરમાં ભારતે ઓસ્ટ્રેલિયાની સાથે એક ઐતિહાસિક વેપાર કરાર 'ભારત–ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર કરાર' (Ind-Aus ECTA) પર હસ્તાક્ષર કર્યા છે.

- ફેબ્રુઆરી 2022માં ભારત અને ઓસ્ટ્રેલિયાએ જાહેરાત કરી હતી કે તેઓ આવા કરાર પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે.
- ભારત–ઓસ્ટ્રેલિયા ECTA વાટાઘાટો ઔપચારિક રીતે સપ્ટેમ્બર 2021માં ફરી શરૂ કરવામાં આવી હતી અને માર્ચ 2022ના અંત સુધીમાં ફાસ્ટ ટ્રેક ધોરણે પૂર્ણ થઈ હતી.

### આર્થિક સહકાર અને વેપાર કરાર

આ પ્રથમ 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ' (FTA) છે કે જેના પર ભારતે એક દાયકા કરતા વધુ સમય પછી કોઈ મોટા વિકસિત દેશ સાથે હસ્તાક્ષર કર્યા છે.

- ફેબ્રુઆરીમાં ભારતે સંયુક્ત આરબ અમીરાત સાથે FTA પર હસ્તાક્ષર કર્યા હતા.
- જ્યારે વર્તમાનમાં ઈઝરાયલ, કેનેડા, યુકે અને યુરોપીય સંઘ સાથે FTA પર કાર્ય કરી રહ્યું છે.
- આ કરારમાં બે મિત્ર દેશો વચ્ચેના દ્વિપક્ષીય આર્થિક અને વ્યાપારી સંબંધોના ક્ષેત્રમાં સહકારને આવરી લે છે.
- તથા આ કરાર નીચેના ક્ષેત્રોને પણ આવરી લે છે :

(1) વસ્તુ વેપાર અને ઉત્પત્તિના નિયમ (Commodity Trade, Laws of Orgin)

(2) સેવાઓમાં વેપાર (Business in Services)

(3) વેપારની તકનીકી અવરોધો (Technical Barriers to Trade-TBT)

(4) સ્વચ્છતા અને ફાયટોસેનિટરી (Sanitary and Phytosanitary) પગલાં

(5) વિવાદનું સમાધાન, વ્યક્તિઓની હિલચાલ

(6) દૂર સંચાર, કસ્ટમ પ્રક્રિયાઓ

(7) ફાર્માસ્યુટિક્લ ઉત્પાદનો અને અન્ય ક્ષેત્રોમાં સહકાર

- આર્થિક સહકાર અને વેપાર કરાર (ECTA) બંને દેશો વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવા અને સુધારવા માટે સંસ્થાકીય મિકેનિઝમ પ્રદાન કરે છે.
- ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ECTA અનુક્રમે ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા વ્યવહારમાં કરવામાં આવતી લગભગ તમામ ટેરિફ લાઈનને આવરી લે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(a) ભારતને તેની ટેરિફ લાઈનના 100% પર ઓસ્ટ્રેલિયા દ્વારા આપવામાં આવતી પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસનો ફાયદો થશે.

(b) તેમાં ભારતના તમામ નિકાસ શ્રમ સઘન ક્ષેત્રો જેમ કે રત્ન, જ્વેલરી, ટેક્સટાઈલ, ચામડું, ફૂટવેર, ફર્નિચર વગેરેનો સમાવેશ થાય છે.

(c) બીજી બાજુ ભારત ઓસ્ટ્રેલિયાને તેની 70%થી વધુ ટેરિફ લાઈનમાં પ્રેફરન્શિયલ એક્સેસ ઓફર કરશે, જેમાં ઓસ્ટ્રેલિયાની નિકાસ માટેના વ્યાજ દરોનો સમાવેશ થાય છે જે મુખ્યત્વે કોલસો, ખનિજ અયસ્ક અને વાઈન જેવા કાચા માલ છે.

- આ કરાર હેઠળ STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) સાથે જોડાયેલા ભારતીય સ્નાતકોને અભ્યાસ પછી વિસ્તૃત વર્ક વિઝા આપવામાં આવશે.
- ઓસ્ટ્રેલિયામાં કામ કરવા ઈચ્છતા યુવા ભારતીયોને વિઝા આપવા માટે ઓસ્ટ્રેલિયા દ્વારા એક યોજના શરૂ કરવામાં આવશે.

## કરારનું મહત્વ

તે ઓસ્ટ્રેલિયામાં ભારતની નિકાસના 96% માટે શૂન્ય ડ્યૂટી એક્સેસ પ્રદાન કરશે.

- જેમાં એન્જિનિયરિંગ સામાન, રત્ન અને આભૂષણ (જેમ્સ અને જ્વેલરી), ટેક્સટાઈલ, ચામડું વગેરે જેવા મુખ્ય ક્ષેત્રમાંથી શિપમેન્ટનો સમાવેશ થાય છે.
- સરકારી અંદાજ મુજબ તે પાંચ વર્ષમાં વસ્તુઓ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપાર લગભગ 27 મિલિયન અમેરિકન ડોલરથી 45-50 મિલિયન અમેરિકન ડોલર સુધી વધારશે અને ભારતમાં 10 લાખ નોકરીઓનું સર્જન કરશે.
- તે ભારતમાં ઓસ્ટ્રેલિયાની નિકાસના 85% માટે શૂન્ય ડ્યૂટી એક્સેસ પ્રદાન કરશે, જેમાં કોલસો, ઘેટાનું ઉન વગેરે સામેલ છે. આ ઉપરાંત તેમાં ઓસ્ટ્રેલિયન વાઈન, બદામ, કઠોળ અને કેટલાંક ફળો પર ઓછી ડ્યૂટી લાદવામાં આવી છે.

## મુક્ત વેપાર કરાર શું છે ?

મુક્ત વેપાર કરાર (Free Trade Agreement-FTA) એ આયાત અને નિકાસ અવરોધોને ઘટાડવા માટે બે અથવા વધુ દેશો વચ્ચેનો કરાર છે.

- મુક્ત વેપાર નીતિ હેઠળ, માલ અને સેવાઓની ખરીદી અને વેચાણ આંતરરાષ્ટ્રીય સરહદોથી થઈ શકે છે, જેના માટે ઓછી અથવા કોઈ સરકારી ફી, ક્વોટા અને સબસિડી જેવી જોગવાઈઓ કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મુક્ત વેપારનો ખ્યાલ વેપાર સંરક્ષણવાદ અથવા આર્થિક અલગતાવાદની વિરુદ્ધ છે.
- મુક્ત વેપાર કરારને પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ, કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક કોઓપરેશન એગ્રીમેન્ટ (CECA), કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (CEPA) તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

## વરૂણ નૌસેના અભ્યાસ



ભારત અને ફ્રાન્સની નૌકાદળ વચ્ચે દ્વિપક્ષીય નૌસેના કવાયત 'વરૂણ 2022'ની 20મી આવૃત્તિ અરબી સમુદ્રમાં હાથ ધરવામાં આવી હતી.

- આ કવાયત અથવા અભ્યાસ ભારત અને ફ્રાન્સ વ્યૂહાત્મક સંબંધોનો મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે.
- આ કવાયત એટલા માટે હાથ ધરવામાં આવે છે કે જેથી કરીને સહભાગી એકમો દરિયાઈ ક્ષેત્રમાં તેમની ઓપરેશનલ કુશળતામાં સુધારો કરી શકે.
- આ કવાયત બંને દેશોની નૌકાદળને એકબીજા પાસેથી શ્રેષ્ઠ સંભવિત પ્રેક્ટિસ શીખવાની વિવિધ તકો પૂરી પાડે છે.
- આ અભ્યાસમાં વૈશ્વિક સુરક્ષા અને સ્વતંત્રતા માટે બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.
- ભારતીય અને ફ્રાન્સની નૌકાદળ વર્ષ 1993થી દ્વિપક્ષીય કવાયત કરી રહી છે.
- વર્ષ 2001માં આ અભ્યાસને 'વરૂણ' નામ આપવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે આ કવાયતમાં સબમરીન, જહાજો, ફાઈટર એરક્રાફ્ટ, મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર સહિત બંને નૌકાદળના વિવિધ એકમોએ ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## સુપ્રીમ કોર્ટે વેન્નિયર ક્વોટા રદ કર્યો

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે વન્નિયાર અથવા વેન્નિયાર ક્ષત્રિય સમુદાય માટે 10.5% આંતરિક અનામતને રદ કર્યું હતું.

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે વન્નિયાર (વન્નિયાકુલા) ક્ષત્રિય સમુદાય માટે 10.5% આંતરિક અનામત તમિલનાડુમાં 115 અન્ય સૌથી પછાત સમુદાયો અને ડિનોટિફાઈડ સમુદાયોના સમાનતા, બિન–ભેદભાવ અને સમાન તકના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.
- રાજ્યમાં સૌથી વધુ પછાત વર્ગોના કુલ 20% ક્વોટાની અંદર એક સમુદાયને 10.5% અનામતની ફાળવણી માટે કોઈ ચોક્કસ અને પર્યાપ્ત આધાર નથી અને આ શ્રેણીના અન્ય 115 અન્ય સમુદાયોને માત્ર 9.5% અનામત છે.
- વધુમાં કોર્ટે જણાવ્યુ હતુ કે 2021ના અધિનિયમ પહેલા કોઈ મુલ્યાંકન અથવા વિશ્લેષણ કરવામાં આવ્યું ન હતું. તે દાવાને સમર્થન આપવા માટે વન્નિયકુલા ક્ષત્રિય સમુદાય અન્ય પછાત સમુદાયો (MBCs) અને ડિનોટિફાઈડ સમુદાય (DNCs) કરતાં પ્રમાણમાં વધુ પાછળ હતા.
- કોર્ટે નોંધ્યુ કે જ્ઞાતિ આંતરિક અનામત માટે પ્રારંભિક બિંદુ હોઈ શકે છે, પરંતુ નિર્ણયના તર્કને યોગ્ય ઠેરવવાનું રાજ્ય સરકાર પર નિર્ભર છે.

નોંધ : (1) વન્નિયકુલા ક્ષત્રિયને આરક્ષણ તમિલનાડુમાં સૌથી પછાત વર્ગો અને બિનસૂચિત સમુદાય અધિનિયમ, 2021 હેઠળ પ્રદાન કરવામાં આવ્યું હતું.

(2) તમિલનાડુમાં 1994ના કાયદા હેઠળ 69% અનામત લાગુ છે, જે બંધારણની નવમી અનુસૂચિ હેઠળ સુરક્ષિત છે.

સામાન્ય વિજ્ઞાન
◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆
[ MCQ BOOSTER ]
પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ–અધાતુ, એસિડ–બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.



1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે આર્થિક સહકાર અને વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા ?

(A) ન્યુઝીલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા

(C) ઈરાન (D) ઈટલી (B)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ વરૂણ શું છે ?

(A) ભારત અને ફ્રાન્સ વચ્ચે યોજાતો નૌસેના અભ્યાસ

(B) ભારત અને ઓમાન વચ્ચે યોજાતો નૌસેના અભ્યાસ

(C) ભારત અને જાપાન વચ્ચે યોજાતો હવાઈ અભ્યાસ

(D) ભારત અને અમેરિકા વચ્ચે યોજાતો હવાઈ અભ્યાસ (A)

3. વરૂણ નૌસેના અભ્યાસ તાજેતરમાં કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?

(A) ભારત – ફ્રાન્સ (B) ભારત – કેનેડા

(C) ભારત – જર્મની (D) ભારત – ફિલિપાઈન્સ (A)

4. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે વેન્નિયર અથવા વન્નિયર ક્વોટા રદ કર્યો છે. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર

(C) સિક્કિમ (D) તમિલનાડુ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 5 એપ્રિલ, રાષ્ટ્રીય સમુદ્રી (દરિયાઈ) દિવસ (National Maritime Day)




ભારતમાં દર વર્ષે 5 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય દરિયાઈ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં દરિયાઈ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભારતીય શિપિંગ ઉદ્યોગની પ્રવૃત્તિઓ અને દેશના અર્થતંત્રમાં તેની ભૂમિકા વિશે લોકોને જાગૃત કરવાનો છે.
- નોંધનીય છે કે 5 એપ્રિલ, 1919ના રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિ.નું પ્રથમ વરાળ જહાજ 'એસ.એસ. લોયલ્ટી' (SS Loyalty) મુંબઈથી લંડન સુધીના પ્રથમ દરિયાઈ પ્રવાસ માટે આંતરરાષ્ટ્રીય જળ ક્ષેત્રમાં ઉતર્યું હતું.
- આથી, આ દિવસની યાદમાં 1964થી 'રાષ્ટ્રીય સમુદ્રી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ના રાષ્ટ્રીય સમુદ્રી દિવસની થીમ 'Sustainable Shipping Beyond Covid-19' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુરતમાં ભારતનો પ્રથમ સ્ટીલ સ્લેગ રોડ બનાવવામાં આવ્યો



ગુજરાતનું સુરત પ્રોસેસ્ડ સ્ટીલ સ્લેગમાંથી રોડ બનાવનાર પ્રથમ ભારતીય શહેર બન્યુ છે.

- સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CRRI), કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR), NITI આયોગ, કેન્દ્રીય સ્ટીલ મંત્રાલય અને આર્સેલર મિત્તલ–નિપ્પોન સ્ટીલ (AM/NS) દ્વારા આ રોડને સંયુક્ત સાહસ પ્રોજેક્ટ તરીકે વિકસાવવામાં આવ્યો છે.
- આ રોડ સ્ટીલ સ્લેગ (Industrial Wast) એટલે કે સ્ટીલ ઉદ્યોગોના વેસ્ટ મટીરિયલથી બનેલો છે.
- આ રોડ 6 લેનનો છે, જેની બંને બાજુ ત્રણ લેન છે.
- સુરતની હદમાં આવેલી ઔદ્યોગિક વસાહતોમાં આવેલી બહુરાષ્ટ્રીય કંપનીઓના ભારે વાહનો આ રોડનો ઉપયોગ કરે છે.
- આ સ્ટીલ રોડની બાંધકામ કિંમત કુદરતી એગ્રીગેટ્સનો ઉપયોગ કરીને બનેલા રસ્તાઓ કરતા 30% સસ્તી છે.
- તેમજ આ રોડની જાડાઈ સામાન્ય રસ્તાઓ કરતા 30% સસ્તી છે.
- આ રોડના બાંધકામ માટે સ્ટીલના સ્લોગનો ઉપયોગ થતો હોવાથી તે તદ્દન ટકાઉ છે.
- આ પ્રોજેક્ટ વેસ્ટ ટુ વેલ્થ અને સ્વચ્છ ભારત અભિયાન પહેલ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો છે.

## વન્યજીવ વેપાર પર WWF અહેવાલ

તાજેતરમાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મ્યાનમારમાં વન્યજીવોની ઓનલાઈન ખરીદી વધી રહી છે.
- જે જોખમમાં મુકાયેલી પ્રજાતિઓ અને જાહેર આરોગ્ય બંને માટે જોખમી છે.
- રિપોર્ટ અનુસાર મ્યાનમારમાં 2021ના સૈન્ય કબજા બાદ રાજકીય ઉથલપાથલના કારણે આવા વ્યવહારો પર પ્રતિબંધ લાગુ કરવો મુશ્કેલ બની ગયો છે.
- એક વર્ષમાં આવા સોદામાં 74%નો વધારો થયો છે.
- વેપારની 173 પ્રજાતિઓમાંથી 54 વૈશ્વિક લુપ્તતાનો સામનો કરી રહી છે.
- 639 ફેસબુક એકાઉન્ટ વન્યજીવ વેપારીઓના હોવાનું જાણવા મળ્યું છે.
- જે પ્રાણીઓનો વેપાર થાય છે તેમાં રીંછ, હાથી, ગીબ્બો, ગંભીર રીતે જોખમમાં મુકાયેલ પેંગોલિન, તિબેટીયન કાળિયાર અને એશિયન વિશાળ કાચબાનો સમાવેશ થાય છે.
- વાંદરાઓની વિવિધ પ્રજાતિઓ ઓનલાઈન સૌથી વધુ લોકપ્રિય પ્રજાતિ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### WWF

WWF (World Wildlife Fund)ની રચના 1961માં કરવામાં આવી હતી.

- તે પર્યાવરણના સંરક્ષણ, સંશોધન અને જાળવણી સંબંધિત વિષયો પર કામ કરે છે.
- તેનો ઉદ્દેશ્ય પૃથ્વી પર પર્યાવરણના બગાડને અટકાવવાનો અને માણસ પ્રકૃતિ સાથે સુમેળમાં રહી શકે તેવા ભવિષ્યનું નિર્માણ કરવાનો છે.
- WWF દ્વારા 'Living Planet Report' અને 'Living Plant Index' તથા 'Ecological Footprint Calculation' પ્રકાશિત કરવામાં આવે છે.
- તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના ગ્લેન્ડમાં છે.

# Near Field Communication Technology




તાજેતરમાં Google Payએ Pine Labs સાથે મળીને ભારતમાં એક નવું ફીચર 'UPI માટે ચૂકવણી કરવા માટે ટેપ કરો' (Tap to Pay for UPI) લોન્ચ કર્યુ છે.

- તે 'નિયર ફિલ્ડ કોમ્યુનિકેશન' (NFC) ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.
- તે NFC સક્ષમ એન્ડ્રોઈડ સ્માર્ટફોન અને Gogle Pay સાથે લિંક કરેલા UPI એકાઉન્ટવાળા વપરાશકર્તાઓ સમગ્ર દેશમાં કોઈપણ પાઈન લેબ્સ એન્ડ્રોઈડ પોઈન્ટ–ઓફ–સેલ (POS) ટર્મિનલ પર તેમના ફોનને ટેપ કરીને વ્યવહાર કરી શકશે.
- આ પ્રક્રિયા QR કોડ સ્કેન કરવા અથવા UPI–લિંક્ડ મોબાઈલ નંબર દાખલ કરવા કરતા ઘણી ઝડપી છે.
- Apple દ્વારા ફેબ્રુઆરીમાં iPhone પર 'Tap to Pay' લોન્ચ કરવામાં આવ્યું હતું.

## NFC શું છે અને તે કેવી રીતે કાર્ય કરે છે ?

NFC એ એક ટૂંકી રેન્જની વાયરલેસ કનેક્ટિવિટી ટેકનોલોજી છે.

- જે NFC સક્ષમ ઉપકરણોને એકબીજા સાથે વાતચીત કરવા અને ટચ દ્વારા ઝડપથી અને સરળતાથી માહિતી ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે, પછી ભલે તે બીલ ચૂકવવાના હોય, બિઝનેસ કાર્ડની આપ–લે, કૂપન ડાઉનલોડ કરવા અથવા દસ્તાવેજો શેર કરવાના હોય.
- NFC બે ઉપકરણો વચ્ચે સંચારને સક્ષમ કરવા માટે ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયો ફીલ્ડ દ્વારા ડેટા ટ્રાન્સમિટ કરે છે.
- આ માટે બંને ઉપકરણોમાં NFC ચિપ્સ હોવી જરૂરી છે. કારણ કે વ્યવહાર નજીકના અંતરે થાય છે.
- ડેટા ટ્રાન્સફર માટે NFC સક્ષમ ઉપકરણોને એકબીજાથી થોડા સેન્ટિમીટરને સ્પર્શ કરવા અથવા રાખવાની જરૂર છે.
- 2004માં કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓ નોકિયા, ફિલિપ્સ અને સોનીએ NFC ફોરમની રચના કરી, જેણે NFC ટેકનોલોજી માટે શક્તિશાળી નવા ગ્રાહક સંચાલિત ઉત્પાદનો બનાવવા માટે ફ્રેમવર્ક બનાવ્યું.
- નોકિયાએ 2007માં પ્રથમ NFC સક્ષમ ફોન રજૂ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NFC ટેકનોલોજીની અન્ય એપ્લિકેશનો

તેનો ઉપયોગ કોન્ટેક્ટલેસ બેંકિંગ કાર્ડમાં પૈસાની લેવડદેવડ કરવા અથવા જાહેર પરિવહન માટે કોન્ટેક્ટલેસ ટિકિટ જનરેટ કરવા માટે થાય છે.

- NFCનો ઉપયોગ કોન્ટેક્ટલેસ કાર્ડ અને રીડર નેટવર્ક અને બિલ્ડીંગને સુરક્ષિત રાખવાથી લઈને ઈન્વેન્ટરી અને વેચાણ પર દેખરેખ રાખવા, ઓટોચોરી અટકાવવા અને માનવરહિત ટોલ બૂથ ચલાવવા સુધીની ઘણી એપ્લિકેશન્સમાં થાય છે.
- તેનો ઉપયોગ સ્પીકર, હોમ એપ્લાયન્સીસ અને અન્ય ઘણાં ઉપકરોણમાં થાય છે જે સ્માર્ટ ફોન દ્વારા નિયંત્રિત છે.



1. 'રાષ્ટ્રીય સમુદ્રી દિવસ' (National Maritime Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 એપ્રિલ (B) 4 એપ્રિલ

(C) 5 એપ્રિલ (D) 6 એપ્રિલ (C)

2. તાજેતરમાં ભારતના કયા શહેરમાં પ્રથમ સ્ટીલ સ્લેગ રોડ બનાવવામાં આવ્યો છે ?

(A) સુરત (B) ચેન્નાઈ

(C) બેંગ્લોર (D) લખનૌ (A)

3. તાજેતરમાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે.......................દેશમાં વન્યજીવોની ઓનલાઈન ખરીદી વધી રહી છે.

(A) મ્યાનમાર (B) પાકિસ્તાન

(C) ઈરાન (D) શ્રીલંકા (A)

4. WWF (World Wildlife Fund)નું મુખ્ય મથક કયાં આવેલું છે ?

(A) ન્યૂયોર્ક, અમેરિકા (B) લંડન, ઈંગ્લેન્ડ

(C) પેરિસ, ફ્રાન્સ (D) ગ્લેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ (D)

5. તાજેતરમાં Google Payએ કોની સાથે મળીને ભારતમાં એક નવુ ફીચર 'Tap to Pay for UPI' લોન્ચ કર્યુ છે. જે Near Field Communication Technology' ઉપયોગ કરે છે ?

(A) PayTM (B) Pine Labs

(C) Arun Labs (D) Nokia (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 6 એપ્રિલ, વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ (International Day of Sport for Development and Peace)

## શ્રી વિક્ટર ઓર્બન હંગેરીના નવા વડાપ્રધાન બન્યા



શ્રી વિક્ટર ઓર્બન ચોથી વખત હંગેરીના વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે.

- તેઓ યુરોપિયન યુનિયનમાં સૌથી લાંબા સમય સુધી સરકારના વડા છે.
- હંગેરીમાં આ વર્ષની ચૂંટણીમાં 69% મતદાન થયું હતું.
- નોંધનીય છે કે તાજેતરમાં સુશ્રી કેટલિન નોવાકને હંગેરીની સંસદ દ્વારા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

નોંધ : (1) હંગેરી યુરોપમાં સ્થિત યુરોપિયન યુનિયનનો સભ્ય દેશ છે.

(2) તેની રાજધાની બુડાપેસ્ટ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેપાળના વડાપ્રધાનની ભારત મુલાકાત



તાજેતરમાં નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબા ભારતની મુલાકાતે આવ્યા હતા અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શિખર બેઠક કરી હતી.

### નેપાળના વડાપ્રધાનની ભારત મુલાકાતની કેટલીક વિશેષતાઓ

#### કનેક્ટિવિટી

બિહારના જયનગરથી નેપાળના કુર્થાને જોડતી 35 કિમી લાંબી ક્રોસ બોર્ડર રેલવે લાઈનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- તે બંને પક્ષ વચ્ચે પ્રથમ બ્રોડ–ગેજ પેસેન્જર રેલ લિંક છે, જેને રૂપિયા 548 કરોડ રૂપિયાની ભારતીય ગ્રાન્ટ દ્વારા સમર્થિત પ્રોજેક્ટ હેઠળ નેપાળના બર્દીબાસ સુધી વિસ્તારવામાં આવશે.

#### સોલુ કોરિડોર

ભારત દ્વારા રૂ. 200 કરોડ રૂપિયાની ઈન્ડિયા લાઈન ઓફ ક્રેડિટ હેઠળ નિર્મિત સોલુ કોરિડોર જે 90 કિમી લાંબી 132 KV ટ્રાન્સમિશન લાઈન નેપાળને સોંપવામાં આવી છે.

- આ લાઈન ઉત્તરપૂર્વ નેપાળના ઘણા દૂરના જિલ્લાઓને વીજળી મેળવવા માટે દેશના રાષ્ટ્રીયગ્રીડ સાથે જોડવામાં મદદ કરશે.

## રુપે કાર્ડ

ભારતનું રૂપે (RuPay) કાર્ડ નેપાળમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.

- RuPay કાર્ડનું સ્થાનિક સંસ્કરણ હવે નેપાળમાં 1,400 પોઈન્ટ–ઓફ–સેલ મશીનો પર કાર્ય કરશે અને આ પગલાંથી બંને દેશોમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની અપેક્ષા છે.
- ભૂટાન, સિંગાપોર અને UAE પછી નેપાળ ચોથો દેશ છે જેની પાસે RuPay કાર્ડ છે.

## પાવર સેક્ટરમાં સહકાર અંગે સંયુક્ત નિવેદન

ભારતે નેપાળમાં વીજ ઉત્પાદન પ્રોજેક્ટના સંયુક્ત વિકાસ અને ક્રોસ બોર્ડર ટ્રાન્સમિશન વિકાસ સહિત પાવર સેક્ટરમાં તકોનો સંપૂર્ણ લાભ લેવા માટે આહવાન કર્યુ છે.

- ક્ષમતા નિર્માણ અને જનરેશન તથા ટ્રાન્સમિશન સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને સીધા સમર્થન દ્વારા નેપાળના પાવર સેક્ટરના વિકાસમાં ભારત મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.
- નેપાળે ભારતના તાજેતરના ક્રોસ બોર્ડર વીજળી વેપારના નિયમોની પણ પ્રશંસા કરી છે જેણે તેને ભારતના બજાર અને ભારત સાથે વેપાર શક્તિને એક્સેસ કરવા સક્ષમ બનાવ્યું છે. નેપાળ તેની વધારાની વીજળી ભારતમાં નિકાસ કરી શકે છે.
- બંને દેશો વિલંબિત પંચેશ્વર બહુહેતુક બંધ પ્રોજેક્ટ (મહાકાલી નદી પર) કામ ઝડપી કરવા સંમત થયા હતા, જે પ્રદેશના વિકાસ માટે નિર્ણાયક માનવામાં આવે છે.

## સીમાનો મુદ્દો

નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબાએ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને બંને દેશો વચ્ચેના સરહદ વિવાદના ઉકેલ માટે પગલાં લેવા વિનંતી કરી હતી.

- અગાઉ ભારતે વર્ષ 2020માં નેપાળ દ્વારા કાલાપાની વિસ્તારને તેના ભાગ તરીકે દર્શાવવા માટે કરાયેલા બંધારણીય સુધારાને નકારી કાઢયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રહલાદજી પટેલની 115મી જન્મજયંતિ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી પ્રહલાદજી પટેલની 115મી જન્મજયંતિ અને તેમના જીવચરિત્રના વિમોચન પ્રસંગે ગુજરાતના બેચરાજીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કર્યો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજ સેવામાં શ્રી પ્રહલાદજી પટેલની ઉદારતા અને બલિદાનને યાદ કરીને ગુજરાતની યુનિવર્સિટીઓને આ અંગે સંશોધન કરવા અને આવા વિસરાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓને બહાર લાવવા અને સ્વાતંત્ર્ય ચળવળમાં તેમના યોગદાનને ચિહ્નિત કરવા અનુરોધ કર્યો હતો.

## શ્રી પ્રહલાદજી પટેલ

શ્રી પ્રહલાદજી પટેલ ગુજરાતના બેચરાજીના વતની હતા અને બ્રિટિશ શાસનથી ભારતની આઝાદી માટે લડયા હતા અને બાદમાં સમાજ સુધારક શ્રી વિનોબા ભાવેની સાથે ભૂદાન ચળવળમાં જોડાયા હતા.

- તેમણે પોતાની 200 વિઘા જમીન દાનમાં આપી હતી.
- તેઓ મહાત્મા ગાંધીજીના આહવાન પર સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા.
- તેમણે સાબરમતી અને યેરવાડાની જેલમાં જેલવાસ પણ ભોગવ્યો હતો.
- જેલવાસ દરમિયાન શ્રી પ્રહલાદજી પટેલના પિતાનું અવસાન થયું હતું. પરંતુ પ્રહલાદજી પટેલે માફીની શરતો સ્વીકારી ન હતી, જે સંસ્થાનવાદી શાસકો દ્વારા તેમને અંતિમ સંસ્કાર કરવાની મંજૂરી આપવા માટે મુકવામાં આવી હતી.
- તેમણે ભૂગર્ભમાં લડી રહેલા ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓને પણ સમર્થન આપ્યું હતું.
- શ્રી પ્રહલાદજી પટેલે આઝાદી પછી રજવાડાઓના વિલીનીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલને મદદ કરી હતી.
- ગુજરાત રાજ્યની રચના બાદ તેઓ ચાણસ્મા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને સમગ્ર પ્રદેશને વિકાસના પંથે દોરી ગયા હતા.

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
NOW AVAILABLE

# ગ્રેમી એવોર્ડ (Grammy Awards)



તાજેતરમાં નેવાડા (યુએસનું પશ્ચિમમાં આવેલ એક રાજ્ય)ના લાસ વેગાસમાં સ્થિત AGM ગ્રાન્ડ ગાર્ડન એરેના ખાતે 2022 માટેના 64માં વાર્ષિક ગ્રેમી એવોર્ડસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- 64માં વાર્ષિક ગ્રેમી એવોર્ડમાં બે ભારતીય સંગીતકારો વિજેતાઓમાં સામેલ હતા.
- ભારતીય–અમેરિકન ગાયક–ગીતકાર સુશ્રી ફાલુએ સર્વશ્રેષ્ઠ ચિલ્ડ્રન મ્યુઝિક આલ્બમની શ્રેણીમાં તેનો પ્રથમ ગ્રેમી એવોર્ડ જીત્યો હતો.
- જ્યારે સંગીતકાર શ્રી રિકી કેજે તેમનો બીજો ગ્રેમી એવોર્ડ જીત્યો. રિકી કેજ અને સ્ટુઅર્ટ કોપલેન્ડે બેસ્ટ ન્યૂ એજ આલ્બમની શ્રેણીમાં એવોર્ડ જીત્યો છે.

## સુશ્રી ફાલુ

ભારતના મુંબઈમાં જન્મેલા સુશ્રી ફાલુ (ફાલ્ગુની શાહ) ન્યૂયોર્ક સ્થિત સંગીતકાર છે.

- તેમણે સ્લમડોગ મિલિનિયોનેરમાં શ્રી એ.આર. રહેમાન સાથે કામ કર્યુ હતું.
- તેમણે તેમની પ્રારંભિક સંગીતની તાલીમ મુંબઈમાં જાણીતા ગાયક ગુરૂ અને સારંગી ઉસ્તાદ સુલતાન ખાન હેઠળ મેળવી હતી.

## શ્રી રિકી કેજ

શ્રી રિકી કેજ એક ભારતીય સંગીતકાર અને પર્યાવરણવાદી છે.

- વર્ષ 2015માં શ્રી રિકી કેજે તેનો પ્રથમ ગ્રેમી એવોર્ડ જીત્યો હતો અને આ તેનો બીજો ગ્રેમી એવોર્ડ છે.
- તેમણે સ્ટુઅર્ટ કોપલેન્ડ સાથે આ એવોર્ડ જીત્યો છે.

## ગ્રેમી એવોર્ડ

ગ્રેમી એવોર્ડ સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ આપવામાં આવે છે.

- તે યુનાઈટેડ સ્ટેટ્સના 'સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ સિદ્ધ' ને માન્યતા આપવા માટે રેકોર્ડિંગ એકેડેમી દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કારની ટ્રોફીમાં સોનેરી ગ્રામોફોન દર્શાવવામાં આવ્યો છે.
- પ્રથમ ગ્રેમી એવોર્ડ સમારોહ 4 મે, 1959ના રોજ યોજાયો હતો.

નોંધ : ભારતીય વ્યક્તિમાં આ એવોર્ડ સૌપ્રથમ શ્રી રવિશંકરને મળ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021

ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021ના લોગો, માસ્કોટ, જર્સી અને એંથમ શ્રી કાંતિરવા સ્ટેડિયમ, બેંગ્લોર ખાતેથી લોન્ચ કરવામાં આવ્યા હતા.

- આ ઈવેન્ટ 24 એપ્રિલ, 2022થી કર્ણાટકમાં યોજાશે.
- વર્ષ 2020માં ઓડિશા દ્વારા આયોજિત ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ પછી આ બીજી ઈવેન્ટ હશે.
- જૈન યુનિવર્સિટી, બેંગ્લુરુ 24 એપ્રિલથી 3 મે, 2022 દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરશે.
- લોન્ચ ઈવેન્ટ દરમિયાન કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુર અને કર્ણાટકના રાજ્યપાલ શ્રી ટી. સી. ગેહલોત ઉપસ્થિત રહ્યા હતા.
- નોંધનીય છે કે કોવિડ-19 મહામારીના કારણે આ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો.
- 2021 ખેલો ઈન્ડિયા ગેમ્સનું એંથમ સોન્ગ શ્રી નિખિલ જોશી અને શ્રી ચંદન શેટ્ટીએ ગાયું છે.
- મલ્લખંભ અને યોગાસન સાથે અન્ય 18 રમતોનો પણ આગામી રમતોમાં સમાવેશ કરવામાં આવશે.
- આ ગેમ્સમાં ભારતભરમાંથી લગભગ 4,500 એથ્લેટ ભાગ લેશે.
- આ રમતોનું સત્તાવાર માસ્કોટ 'વીરા', એક હાથી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 4 એપ્રિલ (B) 5 એપ્રિલ
   (C) 6 એપ્રિલ (D) 7 એપ્રિલ (C)

2. શ્રી વિક્ટર ઓર્બન કયા દેશના વડાપ્રધાન તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે ?
   (A) બાર્બાડોસ (B) હંગેરી
   (C) પોલેન્ડ (D) સુદાન (B)

3. તાજેતરમાં નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબાએ ભારતની મુલાકાત લીધી હતી. આ સમયે તેમની ભારતના વડાપ્રધાનશ્રી સાથે શિખર બેઠક પણ કરી હતી. આ મુલાકાત સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. આ મુલાકાત દરમિયાન બિહારના જયનગરથી નેપાળના કુર્થાને જોડતી 35 કિમી લાંબી ક્રોસ બોર્ડર રેલવે લાઈનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
   2. આ દરમિયાન ભારત દ્વારા રૂ. 200 કરોડની ઈન્ડિયા લાઈન ઓફ ક્રેડિટ હેઠળ નિર્મિત સોલુ કોરિડોર જે 90 કિમી લાંબી 132 KV ટ્રાન્સમિશન લાઈન નેપાળને સોંપવામાં આવી છે.
   3. ભારત અને નેપાળ દ્વારા સંયુક્ત સાહસ વાળા આઠ સેટેલાઈટ ઉપગ્રહના નિર્માણ માટે હસ્તાક્ષર થયા હતા.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
   (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી પ્રહલાદજી પટેલની.......મી જન્મજયંતિ અને તેમના જીવન ચરિત્રના વિમોચન પ્રસંગે ગુજરાતના બેચરાજીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કર્યો હતો.
   (A) 115 (B) 116 (C) 117 (D) 118 (A)

5. શ્રી પ્રહલાદજી પટેલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   (A) તેઓ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને ગુજરાતના બેચરાજીના વતની હતા.
   (B) તેઓ શ્રી વિનોબા ભાવે સાથે ભુદાન ચળવળમાં પણ જોડાયા હતા.
   (C) તેમણે પોતાની 200 વિઘા જમીન દાનમાં આપી હતી.
   (D) ઉપરોક્ત તમામ (D)

6. તાજેતરમાં 64માં ગ્રેમી એવોર્ડનું આયોજન થયું હતું. તેમાં કયા ભારતીય સંગીતકારોએ એવોર્ડ જીત્યો હતો ?
   (A) સુશ્રી ફાલુ (B) શ્રી રિકી કેજ
   (C) (A) અને (B) બંને (D) એકપણ નહીં (C)

7. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવશે ?
   (A) કર્ણાટક (B) રાજસ્થાન
   (C) ઉત્તરાખંડ (D) પંજાબ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ (World Health Day)

સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે World Health Organization (WHO) દ્વારા દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' અથવા તો 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વના લોકોના આરોગ્યની દેખરેખ રાખતી વૈશ્વિક સંસ્થા WHOની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 1948માં WHOની પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં લેવાયેલા નિર્ણય અનુસાર ઈ.સ. 1950થી દર વર્ષે 7 એપ્રિલના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2022ની World Health Day'ની થીમ

- વર્ષ 2022ની 'World Health Day'ની થીમ 'Our Planet, our Health' (આપણો ગ્રહ, આપણું આરોગ્ય) છે.

### WHOના 8 અભિયાન

WHO દ્વારા ઓફિસિયલી 8 અભિયાનોની જાહેરાત કરવામાં આવી છે.

- WHOના આ આઠ અભિયાનોમાં 'વિશ્વ આરોગ્ય દિવસ'નો પણ સમાવેશ થઈ જાય છે.
- WHOના આ આઠ અભિયાનોના નામ આ પ્રમાણે છે : વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ ક્ષય રોગ દિવસ, વિશ્વ મેલેરિયા દિવસ, વિશ્વ રસીકરણ સપ્તાહ, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ રક્તદાન દિવસ, વિશ્વ તમાકુ નિષેધ દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ.

### WHO

WHOનું પૂરું નામ 'World Health Organization' છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખરેખ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

નોંધ : WHOના વર્તમાન (એપ્રિલ 2022ની સ્થિતિએ) 8મા અધ્યક્ષ અથવા તો Director General શ્રી ટેડરોસ અધનમ (Tedros Adhanom Ghebreyesus) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી વિનય મોહન ક્વાત્રાને નવા વિદેશ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



તાજેતરમાં ભારત સરકારે શ્રી વિનય મોહન ક્વાત્રાને ભારતના આગામી વિદેશ સચિવ (Foreign Secretary) તરીકે નિયુક્ત કર્યા છે.

- તેઓ હાલ નેપાળમાં ભારતીય રાજદૂત છે.
- શ્રી હર્ષવર્ધન શ્રિંગલા 30 એપ્રિલે નિવૃત્ત થયા બાદ તેઓ આ પદ સંભાળશે.
- શ્રી વિનય મોહન ક્વાત્રા ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી છે. અને વિવિધ અસાઈમેન્ટમાં કામ કરવાનો 32 વર્ષનો અનુભવ ધરાવે છે.
- વર્ષ 2015થી 2017 સુધી તેમણે વડાપ્રધાન કાર્યાલયમાં સેવા આપી હતી અને ત્યારબાદ ફ્રાન્સમાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમણે જિનીવામાં ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડિઝમાંથી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ડિપ્લોમાં પ્રાપ્ત કરીને માનવ અધિકાર પંચ અને સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સીઓ સાથે સંબંધિત કાર્યો પણ સંભાળ્યા છે.

## સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારા બિલ-2022

તાજેતરમાં ભારત સરકારે 'સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારા બિલ-2022' લોકસભામાં રજૂ કર્યુ છે.

- આ બિલમાં સામૂહિક વિનાશના શસ્ત્રો (WMD) સંબંધિત કોઈપણ પ્રવૃત્તિના ધિરાણ પર પ્રતિબંધની કલ્પના કરવામાં આવી છે અને આવી પ્રવૃત્તિઓના ફાઈનાન્સરો સામે પગલાં લેવાની સત્તા આપે છે.

### બિલ સંબંધિત મુખ્ય જોગવાઈઓ

#### પૃષ્ઠભૂમિ

- આ બિલનો હેતુ સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો પ્રતિબંધ) અધિનિયમ-2005માં સુધારો કરવાનો છે.

#### મૂળ કાયદો

- સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમના સંદર્ભમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રતિબંધ કરવા વર્ષ 2005નો કાયદો ઘડવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ જૈવિક, રાસાયણિક અને પરમાણુ શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ સંબંધિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓને આવરી લે છે.
- તે સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ્સના સંબંધમાં સામગ્રી, સાધનો અને તકનીકોની નિકાસને નિયંત્રિત કરવા અને બિન–રાજ્ય એજન્ટો અથવા આતંકવાદીઓને તેમના સ્થાંનાતરણને રોકવા માટે સંકલિત કાનૂની પગલાંની પણ જોગવાઈ કરે છે.

## શા માટે સુધારાની જરૂર છે ?

- સામૂહિક વિનાશના શસ્ત્રો પરનો હાલનો કાયદો આવી ડિલિવરી સિસ્ટમના નાણાકીય પાસાને આવરી લેતો નથી, તેથી આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને પહોંચી વળવા માટે નવી જોગવાઈઓ જરૂરી છે.
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની લક્ષિત નાણાકીય પ્રતિબંધો અને નાણાકીય ટાસ્કફોર્સની ભલામણો સામૂહિક વિનાશના શસ્ત્રોના પ્રસાર અને તેમની ડિલિવરી પ્રણાલીઓને ભંડોળ આપવા સામે ફરજિયાત કરવામાં આવી છે.

## આ બિલનો ઉદ્દેશ્ય

- આ બિલનો ઉદ્દેશ્ય ત્રણ લક્ષ્યો હાંસલ કરવાનો છે :
  (1) સામૂહિક વિનાશના શસ્ત્રો સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓના ધિરાણ પર પ્રતિબંધ.
  (2) આવા ધિરાણને રોકવા માટે નાણાં, નાણાકીય અસ્કાયમતો અથવા આર્થિક સંસાધનો સ્થિર કરવા, જપ્ત કરવા અથવા જપ્ત કરવા માટે કેન્દ્રને સત્તા આપવી.
  (3) સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ્સના સંબંધમાં કોઈપણ પ્રતિબંધ પ્રવૃત્તિ માટે ભંડોળ, નાણાકીય સંપત્તિ અથવા આર્થિક સંસાધનોની જોગવાઈઓ પર પ્રતિબંધ લગાવવો.

## સામૂહિક વિનાશના શસ્ત્રો (WMD)

સામૂહિક વિનાશ શસ્ત્રો (Weapons of Mass Destruction-WMD)માં એવા શસ્ત્રોનો સમાવેશ થાય છે જે વ્યાપક મૃત્યુ અને વિનાશનું કારણ બને છે. અને દુશ્મન શક્તિના હાથમાં તેની હાજરીને ગંભીર ખતરો ગણી શકાય.

- સામૂહિક વિનાશના આધુનિક શસ્ત્રોમાં પરમાણુ, જૈવિક, રાસાયણિક શસ્ત્રોનો સમાવેશ થાય છે, જેને NBC શસ્ત્રો કહેવામાં આવે છે.
- સામૂહિક વિનાશના શસ્ત્રોનો ઉપયોગ 1937થી થઈ રહ્યો છે, ત્યારે તેનો ઉપયોગ બોમ્બર એરક્રાફ્ટના મોટાપાયે માળખાને વર્ણવવા માટે કરવામાં આવ્યો હતો.
- ઉદાહરણ તરીકે જાપાનના હિરોશિમા અને નાગાસાકી હુમલામાં વપરાયેલ અણુબોમ્બ.
- સામૂહિક વિનાશના શસ્ત્રો (WMD)ના પ્રસારને નિયંત્રિત કરવાના પ્રયત્નો આંતરરાષ્ટ્રીય કરારોમાં સમાવિષ્ટ છે, જેમ કે :
  (a) 1968ની પરમાણુ અપ્રસાર સંધિ
  (b) 1972નું જૈવિક શસ્ત્ર સંમેલન
  (c) 1993નું રાસાયણિક હથિયાર સંમેલન
- ભારત પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કરનાર નથી પરંતુ જૈવિક શસ્ત્રો સંમેલન અને રાસાયણિક શસ્ત્ર સંમેલન બંને પર હસ્તાક્ષરકર્તા છે.

1. 'વિશ્વ આરોગ્ય દિવસ' અથવા 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ

(C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ આરોગ્ય દિવસ'ની થીમ શું છે ?

(A) Working together to health

(B) Our Planet, Our Health

(C) International Health Security

(D) Save lives, make hospitals saf in emergencies (B)

3. કઈ સંસ્થાની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી કે જેની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેલ્થ ડે'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) UNESCO (B) UNICEF

(C) WHO (D) WEF (C)

4. WHOના વર્તમાન (એપ્રિલ 2022ની સ્થિતિએ) અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી એડમંડ હાવર્ડ (B) શ્રી અલ્ડેરો મેરાયો

(C) શ્રી ટેડરોસ અધનમ (D) શ્રી રોનાલ્ડ મેરાયો (C)

5. તાજેતરમાં ભારત સરકારે કોને ભારતના આગામી વિદેશ સચિવ (Foreign Secretary) તરીકે નિયુક્ત કર્યા છે ?

(A) શ્રી વિનય મોહન ક્વાત્રા (B) શ્રી વિવેક રામ ઠાકર

(C) શ્રી હર્ષવર્ધન ક્વાત્રા (D) શ્રી મહેશ રામ ઠાકર (A)

6. તાજેતરમાં ભારત સરકારે 'સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારા બિલ-2022' લોકસભામાં રજૂ કર્યુ હતું તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ બિલનો હેતુ સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની સપ્લાય સિસ્ટમ (ગેરકાદેસર પ્રવૃત્તિઓનો પ્રતિબંધ) અધિનિયમ-2005માં સુધારો કરવાનો છે.

(B) આ બિલમાં સામૂહિક વિનાશના શસ્ત્રો (WMD) સંબંધિત કોઈપણ પ્રવૃત્તિઓના ધિરાણ પર પ્રતિબંધની કલ્પના કરવામાં આવી છે અને આવી પ્રવૃત્તિઓના ફાઈનાન્સરો સામે પગલાં લેવાની સત્તા છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## HDFC Limited અને HDFC Bankનું મર્જર કરવામાં આવશે

HDFCના બોર્ડે ભારતની સૌથી મોટી હાઉસિંગ કંપની HDFC (Housing Development Finance Corporation)ની સાથે ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંક HDFC બેંકના વિલીનીકરણને મંજૂરી આપી છે.

- આ સોદો બેંકનો હોમ લોન પોર્ટફોલિયો બનાવશે અને તેના હાલના ગ્રાહકના આધારને વધારશે.
- શેર વિનિમય ગુણોત્તર મુજબ HDFC શેરધારકો પાસેના દરેક 25 ઈક્વિટી શેર માટે તેઓ સંયુક્ત કંપનીના 42 ઈક્વિટી શેર મેળવશે.
- પ્રથમ તબક્કામાં HDFC હોલ્ડિંગ્સ લિમિટેડ અને HDFC ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડનું HDFC લિમિટેડ સાથે મર્જ થશે.
- આગામી તબક્કામાં HDFC લિમિટેડને HDFC બેંક સાથે મર્જ કરવામાં આવશે.
- મર્જર બાદ HDFC બેન્ક અને HDFC લિમિટેડની કુલ સંપત્તિ રૂ. 25 લાખ કરોડને વટાવી જશે.

## Women Cricket World Cup 2022 : ઓસ્ટ્રેલિયાએ 7મી વખત વર્લ્ડ કપ જીત્યો



તાજેતરમાં 4 માર્ચથી 3 એપ્રિલ 2022 દરમિયાન ICC મહિલા વન ડે ક્રિકેટ વર્લ્ડ કપનું ન્યૂઝિલેન્ડમાં આયોજન થયું હતું.

- તાજેતરમાં યોજાયેલા આ વર્લ્ડ કપની 12મી આવૃત્તિ હતી.
- મૂળરૂપે આ વર્લ્ડ કપ 2021માં યોજાવાનો હતો પરંતુ કોરોના મહામારીના કારણે 1 વર્ષ મુલતવી રાખવામાં આવ્યો હતો.
- આ વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 71 રનથી પરાજય આપી સાતમી વખત વર્લ્ડ કપ જીતી લીધો છે.
- ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડી સુશ્રી એલિસા હિલીએ 170 રન બનાવ્યા હતા, જે વર્લ્ડ કપની ફાઈનલમાં કોઈપણ ક્રિકેટર પુરુષ કે મહિલા દ્વારા બનાવેલ સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે.

### સેમિફાઈનલ મેચ

પ્રથમ સેમિફાઈનલ મેચ ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે યોજાઈ હતી.

- જેમાં ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે વેસ્ટ ઈન્ડિઝને હરાવીને આ મેચ જીતી હતી.
- બીજી સેમિફાઈનલ મેચ ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાય હતી.
- જેમાં દક્ષિણ આફ્રિકાને પરાજય આપીને ઈંગ્લેન્ડની મહિલા ટીમે આ મેચ જીતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફાઈનલ મેચ

મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022ની ફાઈનલ મેચ ન્યૂઝિલેન્ડના ક્રાઈસ્ટચર્ચ શહેરના હેગલી ઓવલ સ્ટેડિયમમાં યોજાય હતી.

- ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે ઈંગ્લેન્ડને 71 રનથી પરાજય આપી આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ 50 ઓવરમાં 356 રન બનાવ્યા હતા.
- ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 285 રનમાં ઓલઆઉટ કર્યુ હતું.
- ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડી સુશ્રી એલિસા હિલી 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.



## પ્લેયર ઓફ ધ સિરીઝ

મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં પ્લેયર ઓફ ધ સિરીઝ સુશ્રી એલિસા હિલી બન્યા છે.

- તેમણે આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 509 રન ફટકાર્યા છે.
- જ્યારે સૌથી વધુ વિકેટ ઈંગ્લેન્ડના ખેલાડી સુશ્રી સોફી એક્લેસ્ટોનએ 21 વિકેટ ઝડપી છે.

નોંધ : (1) ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ સૌપ્રથમ 1973માં યોજાયો હતો.

(2) ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ સૌથી વધુ સાત વખત ઓસ્ટ્રેલિયાએ જીત્યો છે.

(3) વર્ષ 1973માં આ વર્લ્ડ કપ સૌપ્રથમ ઈંગ્લેન્ડે જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ઓસ્ટ્રેલિયાના ટેનિસ સ્ટાર સુશ્રી એશ્લે બાર્ટીએ 25 વર્ષની ઉંમરે ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી

ઓસ્ટ્રેલિયાના પ્રસિદ્ધ ટેનિસ સ્ટાર સુશ્રી એશ્લે બાર્ટીએ માત્ર 25 વર્ષની ઉંમરે ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

## સુશ્રી એશ્લે બાર્ટી



સુશ્રી એશ્લે બાર્ટીનો જન્મ 24 એપ્રિલ, 1996ના રોજ ઓસ્ટ્રેલિયાના ક્વીસલેન્ડના ઈપ્સવિચ ખાતે થયો હતો.

- સુશ્રી એશ્લે બાર્ટી ટેનિસ ખેલાડી ઉપરાંત ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર પણ છે.
- વુમન્સ ટેનિસ એસોસિએશન (WTA) દ્વારા વિમેન્સ સિંગલ્સમાં વિશ્વમાં નંબર વન રેન્ક મેળવનાર તેઓ બીજા ઓસ્ટ્રેલિયન ખેલાડી છે.
- સુશ્રી એશ્લે બાર્ટીએ કેરિયરમાં ત્રણ ગ્રાન્ડ સ્લેમ (સિંગલ્સ) ટાઈટલ જીત્યા છે.
- તેમણે 2019માં ફ્રેન્ચ ઓપન, 2021માં વિમ્બલ્ડન અને 2022માં ઓસ્ટ્રેલિયન ઓપનનું સિંગલ્સનું ટાઈટલ જીત્યું છે.
- તેમણે તેમના ટેનિસ કેરિયરમાં 15 સિંગલ્સ અને 12 ડબલ્સના ટાઈટલ જીત્યા હતા.
- તેઓ 2014-2016 વચ્ચે ટેનિસમાંથી વિરામ બાદ ક્રિકેટ પણ રમી ચૂકયા છે.

1. HDFC Limitedને.............................Bank સાથે મર્જર કરવામાં આવશે.

(A) HDFC (B) Axis

(C) Canara Bank (D) SBI (A)

2. 'મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022' કયા દેશમાં યોજાયો હતો ?

(A) ન્યુઝિલેન્ડ (B) ઈંગ્લેન્ડ

(C) વેસ્ટ ઈન્ડિઝ (D) દક્ષિણ આફ્રિકા (A)

3. તાજેતરમાં ન્યુઝિલેન્ડમાં 'મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022'નું આયોજન થયું હતું. આ વર્લ્ડ કપ કઈ મહિલા ક્રિકેટ ટીમે જીત્યો છે ?

(A) દક્ષિણ આફ્રિકા (B) ઈંગ્લેન્ડ

(C) વેસ્ટ ઈન્ડિઝ (D) ઓસ્ટ્રેલિયા (D)

4. ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમે કુલ કેટલી વખત વન ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યા છે ?

(A) પાંચ (B) સાત

(C) આઠ (D) નવ (B)

5. તાજેતરમાં ન્યુઝિલેન્ડમાં 'મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022'નું આયોજન થયું હતું. આ વર્લ્ડ કપમાં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' કોણ બન્યું છે ?

(A) સુશ્રી એલિસા હિલી (B) સુશ્રી હેલિ મેથ્યુઝ

(C) સુશ્રી સુઝી બેટ્સ (D) સુશ્રી ડેની વ્યાટ (A)

6. તાજેતરમાં સુશ્રી એશ્લે બાર્ટીએ ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી છે તે કયા દેશના ખેલાડી છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેન્ડ

(C) અમેરિકા (D) જાપાન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 9 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ

## Solid Fuel Ducted Ramjet (SFDR) Booster



તાજેતરમાં 'સોલિડ ફ્યુઅલ ડક્ટેડ રેમજેટ બુસ્ટર' મિસાઈલ સિસ્ટમનું ભારત દ્વારા સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- આ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.
- **DRDO**એ સૌપ્રથમ વર્ષ **2017**માં SFDR વિકસાવવાનું શરૂ કર્યું હતું અને વર્ષ **2018** અને **2019**માં સફળ પરીક્ષણો હાથ ધર્યા હતા.
- **DRDO** લેબોરેટરી, હૈદરાબાદે આ સિસ્ટમ વિકસાવવા માટે રિસર્ચ સેન્ટર ઈમરત, હૈદરાબાદ અને હાઈ એનર્જી મટીરિયલ્સ રિસર્ચ લેબોરેટરી પૂણે સાથે સહયોગ કર્યો છે.

### SFDR વિશે

SFDRનું પૂરું નામ **'Solid Fuel Ducted Ramjet'** છે.

- તે ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિકસિત મિસાઈલ પ્રોપલ્શન ટેકનોલોજી છે.
- SFDR ટેકનોલોજી એ એક મિસાઈલ પ્રોપલ્શન સિસ્ટમ છે, જે 'રેમજેટ એન્જિન' સિદ્ધાંતના ખ્યાલ પર આધારિત છે.
- રેમજેટ એન્જિન એ એર બ્રેથિંગ જેટ એન્જિનનો એક પ્રકાર છે જે ફરતી કોમ્પ્રેસર વગર કમ્બશન માટે આવનારી હવાને સંકુચિત કરવા માટે વાહનની ફોરવર્ડ ગતિનો (આગળની ગતિ)નો ઉપયોગ કરે છે.
- રેમજેટમાં વાહનની આગળની ગતિનો ઉપયોગ કરીને ઉચ્ચ દબાણ ઉત્પન્ન થાય છે. પ્રોપલ્શન સિસ્ટમમાં દાખલ થતી બહારની હવા કાર્યકારી પ્રવાહી બની જાય છે.
- રેમજેટ ત્યારે જ કામ કરે છે જ્યારે વાહન પહેલેથી જ ગતિમાં હોય, જ્યારે એન્જિન સ્થિર હોય ત્યારે રેમજેટ કામ કરી શકતુ નથી.
- આ સિસ્ટમ ઘન ઈંધણવાળા રેમજેટ એન્જિનનો ઉપયોગ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**મહત્ત્વ**

તે સુપરસોનિક ઝડપે ખૂબ જ લાંબા અંતર સુધી મિસાઈલને હવાના જોખમથી સુરક્ષિત કરે છે.

- હાલમાં આવી ટેકનોલોજી વિશ્વના કેટલાક દેશો પાસે જ ઉપલબ્ધ છે.
- એર–ટુ–એર મિસાઈલો કે જે SFDR ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તે લાંબી રેન્જ માટે સક્ષમ છે કારણ કે તેને ઓક્સિડાઈઝર્સ એટલે કે વાતાવરણમાંથી ઓક્સિજનની જરૂર પડતી નથી.
- SFDR પર આધારિત મિસાઈલ સુપરસોનિક ઝડપે ઉડાન ભરે છે અને ઉચ્ચ ગતિશિલતા સુનિશ્ચિત કરે છે જેથી લક્ષ્ય એરક્રાફ્ટ મિસાઈલ દ્વારા દૂરના જઈ શકે.



**1.** ભારતમાં દર વર્ષે કયા દિવસે ‘CRPF શૌર્ય દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 એપ્રિલ
(B) 9 એપ્રિલ
(C) 10 એપ્રિલ
(D) 11 એપ્રિલ **(B)**

---

**2.** તાજેતરમાં ભારતે 'Solid Fuel Ducted Ramjet (SFDR) Booster'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.
2. DRDOએ વર્ષ 2018 અને 2019માં પણ તેના પરીક્ષણ કર્યા હતા.
3. DRDO લેબોરેટરી, હૈદરાબાદે આ સિસ્ટમ વિકસાવવા માટે રિસર્ચ સેન્ટર ઈમરત, હૈદરાબાદ અને હાઈ એનર્જી મટીરિયલ્સ લેબોરેટરી પૂણે સાથે સહયોગ કર્યો છે.
4. SFDR ટેકનોલોજી એ એક મિસાઈલ પ્રોપલ્શન સિસ્ટમ છે, જે ‘રેમજેટ એન્જિન’ના સિદ્ધાંતના ખ્યાલ પર આધારિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4 **(D)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ SFDR ટેકનોલોજી શું છે ?

(A) ભૂગર્ભ જળ સંબંધિત સિસ્ટમ
(B) મિસાઈલ પ્રોપલ્શન સિસ્ટમ
(C) ન્યુક્લિયર સબમરીન સિસ્ટમ
(D) ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગી સિસ્ટમ **(B)**

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં વર્લ્ડ બેન્કના પ્રતિનિધિઓ - રાજ્ય સરકાર અને AMCની બેઠક યોજાઈ**

અમદાવાદ મહાનગર પાલિકાને ગુજરાત રેઝિલિયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વર્લ્ડ બેન્ક દ્વારા અંદાજે 3 હજાર કરોડ રૂપિયાની લોન આપવાનું સૈદ્ધાંતિક રીતે નિયત કરવામાં આવ્યું છે. દેશના વિકસતા શહેરો માટે વર્લ્ડ બેંક દ્વારા આ પ્રોગ્રામ અંતર્ગત વિવિધ માળખાકીય સુવિધા વિકાસ કામો માટે લોન આપવામાં આવે છે. તદઅનુસાર ગુજરાતમાં અમદાવાદને પ્રથમ પસંદગી તરીકે વર્લ્ડ બેન્ક દ્વારા આ લોન આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આ સંદર્ભમાં વર્લ્ડ બેન્કના પ્રતિનિધિઓ સાથે શહેરી વિકાસ વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. AMCએ આ અંગે હાથ ધરવામાં આવેલા જુદા–જુદા પ્રોજેક્ટસની રૂપરેખા સાથેનું પ્રેઝેન્ટેશન આ બેઠકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરની આગામી 2050ના વર્ષોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. વર્લ્ડ બેન્ક દ્વારા રૂ. 3000 કરોડની જે લોન અમદાવાદને ફાળવવામાં આવશે તે અંતર્ગત આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભૂજમાં ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલ પ્રોડક્શન માટેનો પ્લાન્ટ સ્થપાશે**

ગુજરાતના કચ્છ–ભૂજ ખાતે ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલ પ્રોડકશન માટેનો પ્લાન્ટ સ્થપાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હીકલ એલ.સી.સી. અને ગુજરાત સરકાર વચ્ચે આ પ્લાન્ટની સ્થાપના માટેના MoU થયા છે. રૂ. 10800 કરોડના કુલ રોકાણ સાથે સ્થાપનારા આ પ્લાન્ટમાં નાણાકીય વર્ષ 2022-23માં 1200 કરોડના રોકાણ સાથે ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હીકલ આ પ્લાન્ટ શરૂ કરશે. આ પ્લાન્ટ દસ હજાર જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર પુરો પાડશે. ટ્રિટોન ઈલેક્ટ્રિક વ્હીકલ પોતાના આ 645 એકર વિસ્તારમાં પથરાયેલા પ્લાન્ટમાં વાર્ષિક 50 હજાર ટ્રકની ઉત્પાદન ક્ષમતા ધરાવતો પ્લાન્ટ શરૂ કરશે. આ ઉપરાંત ચેસિસ અને કેબિન, રોબોટિક પોઈન્ટ શોપ, ચેસિસ સબ એસેમ્બલી અને ક્વોલિટી એસ્યોરન્સ તથા મટીરિયલ ટેસ્ટિંગ લેબ જેવી ઈન હાઉન ફેસેલિટીઝ પણ તેઓ ઉભી કરશે.

## ભારત

➤ **ઓપરેશન ઉપલબ્ધ : RPF**

તાજેતરમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)એ ઓપરેશન ઉપલબ્ધ હેઠળ કથિત કાળાબજારીઓ સામે સમગ્ર ભારતમાં અભિયાન શરૂ કર્યું છે. નોંધનીય છે કે આ અગાઉ ફેબ્રુઆરી 2022માં માનવ તસ્કરીને રોકવા માટે RPF દ્વારા ઓપરેશન આહટ નામનું દેશવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન ઉપલબ્ધ હેઠળ એક મહિના સુધી ચાલેલી ઝુંબેશના કારણે મોટા પ્રમાણમાં દલાલો અથવા કાળા બજાર કરનારાઓની ગતિવિધિઓને કાબુમાં લેવામાં આવી છે અને સામાન્ય માણસને રેલવે ટિકિટ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળી શકી છે.

➤ **ભારત - તુર્કમેનિસ્તાન દ્વિપક્ષીય બેઠક**

તાજેતરમાં ભારતીય રાષ્ટ્રપતિએ પ્રથમ વખત તુર્કમેનિસ્તાનની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે નાણાકીય, ગુપ્ત માહિતી અને આપત્તિ વ્યવસ્થાપન સહિત ચાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા અને બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત કરવા દ્વિપક્ષીય વેપાર અને ઉર્જા સહયોગને વિસ્તારવા સંમત થયા હતા. આ પહેલા ભારત અને તુર્કમેનિસ્તાન વચ્ચે ડિઝાસ્ટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં સહયોગ પર એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. દ્વિપક્ષીય બેઠકમાં ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) અને ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્ઝિટ કોરિડોર પર અશગાબત કરાર (Ashgabat Agreement)ના મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઈરાનમાં ભારત દ્વારા બનાવવામાં આવેલ ચાબહાર બંદરનો ઉપયોગ ભારત અને મધ્ય એશિયા વચ્ચેના વેપારને સુધારવા માટે થઈ શકે છે. તુર્કમેનિસ્તાન–અફઘાનિસ્તાન–પાકિસ્તાન–ભારત (TAPI) પાઈપલાઈન પર ચર્ચા કરતી વખતે ભારતે સૂચવ્યું હતું કે પાઈપલાઈન સલામતી અને મુખ્ય વ્યવસાય સિદ્ધાંત સંબંધિત મુદ્દાઓને તકનીકી અને નિષ્ણાત સ્તરની બેઠકોમાં સંબોધવામાં આવી શકે છે. બંને દેશો ભારત–મધ્ય એશિયા સમિટના માળખા હેઠળ વધુ સહયોગ વધારવા સંમત થયા હતા. ભારતે સુધારેલ અને વિસ્તૃત યુએન સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે તેમજ 2021-22ના સમયગાળા માટે UNSCના અસ્થાયી સભ્ય તરીકે ભારતને તુર્કમેનિસ્તાનના સમર્થન માટે તુર્કમેનિસ્તાનનો આભાર માન્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **SEBIએ 'મંથન' આઈડિયાથોન શરૂ કરી**

તાજેતરમાં SEBIના અધ્યક્ષ સુશ્રી માધબી પુરી બુચે નવીનતાઓને પ્રોત્સાહન આપવા માટે 'મંથન' આઈડિયાથોન શરૂ કરી છે. તેનો ઉદ્દેશ સિક્યોરિટીઝ માર્કેટમાં ફિનટેકનો ઉપયોગ કરીને હિસ્સેદારોને નોંધપાત્ર તક રજૂ કરવાનો છે. છ અઠવાડિયા સુધી મંથનનું આયોજન કરવામાં આવશે. તેનું આયોજન SEBI દ્વારા NSE, BSE, CDSL, NSDL, CAMS, KFINTECH, MCX અને LinkTime દ્વારા સાથે મળીને કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ દેશના સિક્યોરિટી માર્કેટની આસપાસ ફરતા વિવિધ ઈનોવેટિવ સોલ્યુશન તેમજ આઈડિયા તૈયાર કરવામાં મદદ કરશે.

➤ **એક્સિસ બેંક સિટી બેંકનો બિઝનેસ સંભાળશે**

સિટી ગ્રુપે જાહેરાત કરી છે કે એક્સિસ બેંક સંપૂર્ણ રોકડ સોદામાં 1.6 મિલિયન અમેરિકન ડોલરની રકમમાં સિટી બેંકના ભારતીય ગ્રાહક વ્યવસાયને હસ્તગત કરશે. આ ટ્રાન્ઝેક્શન સિટીબેંક ઈન્ડિયાના કન્ઝ્યુમર બેન્કિંગ બિઝનેસને આવરી લેશે, જેમાં રિટેલ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ, કન્ઝ્યુમર ક્રેડિટ અને વેલ્થ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. ટ્રાન્ઝેક્શનમાં ગ્રાહક વ્યવસાય, સિટીકોર્પ ફાઈનાન્સ (ઈન્ડિયા) લિમિટેડનું વેચાણ પણ સામેલ હશે, જે સિટી બેંકની બિન–બેકિંગ નાણાકીય કંપની છે. જોકે, ભારતમાં સિટીના સંસ્થાકીય ક્લાયન્ટ બિઝનેસને આ સોદામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા પછી સિટીબેંક ઈન્ડિયાના ગ્રાહક વ્યવસાય સ્ટાફને એક્સિસમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **જળ શક્તિ અભિયાન : કેચ ધ રેઈન કેમ્પેઈન-2022 શરૂ કરવામાં આવ્યું**

જળ શક્તિ અભિયાન : કેચ ધ રેઈન કેમ્પેઈન-2022 (Jal Shakti Abhiyan : Catch the Rain Campaign)ની શરૂઆત 29 માર્ચ 2022ના રોજ મણિપુરના મુખ્યમંત્રી શ્રી એન. બિરેન સિંહે કરી છે. આ અભિયાન મણિપુરના ચિન્હિત જળ–તણાવગ્રસ્ત જિલ્લાઓ અને બ્લોક્સમાં વિવિધ જળ સંરક્ષણ પગલાંને વધુ તીવ્ર બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ રાજ્યના જિલ્લાઓમાં અનેક જલ શક્તિ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે. આ કેન્દ્રો જળ સંરક્ષણ તકનીકી વિશે જાગૃતિ લાવવા માટે જ્ઞાન કેન્દ્રો તરીકે પણ કાર્ય કરશે. આ અભિયાનની થીમ 'Catch the Rain, Where it Falls, When it Falls' છે.

### ➤ Dare2eraD TB પહેલ

ટીબી નાબુદ કરવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા 'Dare2eraD TB' નામનું ડેટા આધારિત સંશોધન શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલ 24 માર્ચે વિશ્વ ટીબી દિવસના અવસરે શરૂ કરવામાં આવી હતી. Dare2eraD ટીબીમાં મુખ્ય પહેલોમાં ઈન્ડિયન ટ્યૂબરક્યુલોસિસ જીનોમિક સર્વેલન્સ કન્સોર્ટિયમ (InTGS), ભારતીય ટીબી નોલેજ હબ–વેબિનાર સિરીઝ (InTBK હબ), ટીબી સામે હોસ્ટ ડાયરેક્ટિડ ટ્રીટમેન્ટ, ક્ષય રોગની સારવાર માટે પુરાવા આધારિત આહાર વિકસાવવાનો સમાવેશ થાય છે.

### ➤ બ્રોડકાસ્ટ સેવા પોર્ટલ (BSP)

તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા 'બ્રોડકાસ્ટ સેવા પોર્ટલ' (BSP) શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા 900 સેટેલાઈટ ટીવી ચેનલો, 70 ટેલિપોર્ટ ઓપરેટર્સ, 1,700 MSO, 350 કોમ્યુનિટી રેડિયો સ્ટેશન અને 380 ખાનગી FM ચેનલોને લાભ મળવાની શકયતા છે. તે 360 ડિગ્રી ડિજિટલ સોલ્યુશન ઓફર કરે છે જે હિતધારકોને પરવાનગી મેળવવા, નોંધણી માટે અરજી કરવા, એપ્લિકેશનને ટ્રેક કરવા, ફીની ગણતરી કરવા અને ચુકવણી કરવા માટે સુવિધા આપશે. આ પોર્ટલ ડિજિટલ ઈન્ડિયાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે પ્રાઈવેટ સેટેલાઈટ ટીવી ચેનલ્સ, ટેલિપોર્ટ ઓપરેટર્સ, મલ્ટી–સર્વિસ ઓપરેટર્સ, કોમ્યુનિટી અને પ્રાઈવેટ રેડિયો ચેનલો વગેરે સહિત તમામ હિતધારકોને તેની સેવાઓ પ્રદાન કરશે. બ્રોડકાસ્ટ સેવા પોર્ટલનો ઉદ્દેશ્ય પ્રસારણ પ્રવૃત્તિઓ માટે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જારી કરાયેલ વિવિધ નોંધણીઓ, પરવાનગીઓ અને લાયસન્સ માટે અરજી કરવા માટે હિતધારકો અને અરજદારોને સિંગલ પોઈન્ટ સુવિધા પુરી પાડવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતે UN Women માટે 5 લાખ ડોલરનું યોગદાન આપ્યુ

મહિલા સશક્તિકરણ અને લિંગ સમાનતા માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી UN Womenને ભારત દ્વારા 5 લાખ ડોલરનું યોગદાન આપવામાં આવ્યું છે. લિંગ સમાનતા અને મહિલાઓના નેતૃત્વમાં વિકાસની દેશની મૂલ્યવાન ભાગીદારીને પુનઃપુષ્ટ કરવા માટે ભારત દ્વારા યોગદાન આપવામાં આવ્યું હતું. ભારત યુએન વુમન સાથે તેના સંબંધોને વધુ વેગ આપવા માટે કામ કરશે. યુએન વુમનના કોર બજેટમાં આ રકમ આપવામાં આવી છે. યુએન વુમન અથવા યુનાઈટેડ નેશન્સ યુનિટ ફોર જેન્ડર ઈક્વાલિટી એન્ડ વિમેન્સ એમ્પાવરમેન્ટ એ યુનાઈટેડ નેશન્સ હેઠળનું એકમ છે.

➤ **આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણ યોજના**

તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણ યોજના' (International Air Connectivity Scheme) શરૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય ભારતના કેટલાક રાજ્યોમાંથી પસંદગીના આંતરરાષ્ટ્રીય સ્થળો સાથે હવાઈ જોડાણને પ્રોત્સાહન આપવાનો છે. જેથી કરીને સામાજિક–આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકાય. આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણ યોજના રાજ્ય સરકારો દ્વારા સપોર્ટેડ છે. મણિપુર, આસામ અને ત્રિપુરાની રાજ્ય સરકારોએ ગુવાહાટી, ઈમ્ફાલ અને અગરતલાને ઢાકા, બેંગકોક, યાંગોન, કાઠમંડુ, મંડલે, હનોઈ, ચિત્તાગોન અને કુનમિંગ જેવા આંતરરાષ્ટ્રીય સ્થળો સાથે જોડવા માટે પહેલેથી જ માર્ગોની ઓળખ કરી છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ એરપોર્ટનું અપગ્રેડેશન અને વિકાસ એ લાંબી અને સતત પ્રક્રિયા છે અને મોટાભાગે ટ્રાફિકની માંગ, વ્યાપારી સદ્ધરતા, જમીનની ઉપલબદ્ધતા વગેરેના આધારે સંબંધિત એરપોર્ટના સંચાલકો દ્વારા કરવામાં આવે છે.

➤ **સંસ્કૃતિ મંત્રાલયે Temple 360 પોર્ટલ લોન્ચ કર્યુ**

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 'ટેમ્પલ 360' પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ એક અનોખુ પોર્ટલ છે જેના દ્વારા દેશભરના ભક્તો ગમે ત્યારે અને ગમે ત્યાંથી મંદિરો અથવા મુખ્ય તીર્થ સ્થળોના ઓનલાઈન દર્શન મેળવી શકે છે. દેશના વિવિધ મંદિરોના લાઈવ કેમેરા ફીડ આ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પોર્ટલનું અનાવરણ રાજ્યકક્ષાના સંસ્કૃતિ મંત્રી મીનાક્ષી લેખીએ કર્યુ હતું. ટેમ્પલ 360 એ એક પોર્ટલ છે જે સરકારના આઝાદી કા અમૃત મહોત્સવને અનુરૂપ ડિઝાઈન કરવામાં આવ્યું છે. હાલમાં આ પોર્ટલ દ્વારા કાશી વિશ્વનાથ (ઉત્તરપ્રદેશ), સોમનાથ (ગુજરાત), ધૃષ્ણેશ્વર અને ત્ર્યંબકેશ્વર (બંને મહારાષ્ટ્રમાં)ના ચાર પ્રખ્યાત મંદિરોમાંથી ધાર્મિક વિધિઓનું લાઈવ સ્ટ્રીમિંગ જોઈ શકાશે. ટૂંક સમયમાં જ ભક્તો આ પોર્ટલ પર 12 જ્યોતિર્લિંગના લાઈવ સ્ટ્રીમિંગ તેમજ બદ્રીનાથ, દ્વારકા, રામેશ્વરમ અને પુરી નામના ચાર ધામોના ધાર્મિક વિધિઓ દ્વારા દર્શન મેળવી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **જિલ્લા ગંગા સમિતિઓ અને નમામી ગંગે**

જળશક્તિ મંત્રાલયે 'નમામી ગંગે' કાર્યક્રમ હેઠળ 'જિલ્લા ગંગા સમિતિઓ (DGCS) પર્ફોર્મન્સ મોનેટરિંગ સિસ્ટમ' (GDPMS) માટે ડિજિટલ ડેશબોર્ડ શરૂ કર્યુ છે. આ ડિજિટલ ડેશબોર્ડ સામાન્ય લોકો અને નદી વચ્ચેના જોડાણને પ્રોત્સાહન આપવા માટે ડિસ્ટ્રિક ગંગા કમિટી એટલે કે જિલ્લા ગંગા સમિતિઓને મદદ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે ગંગા અને તેની સહાયક નદીઓમાં પ્રદૂષણના સંચાલન અને નિવારણમાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે જિલ્લા સ્તરે એક મિકેનિઝમ સ્થાપિત કરવા માટે ગંગા નદીના તટપ્રદેશમાં આવેલા જિલ્લાઓમાં 'જિલ્લા ગંગા સમિતિઓ'ની રચના કરવામાં આવી હતી. જ્યારે 'નમામી ગંગા કાર્યક્રમ' એક સંકલિત સંરક્ષણ મિશન છે, જેને કેન્દ્ર સરકાર દ્વારા જૂન 2014માં ફ્લેગશિપ પ્રોગ્રામ તરીકે મંજૂર કરવામાં આવ્યું હતું. જે પ્રદૂષણને ઘટાડવા અને રાષ્ટ્રીય નદી ગંગાના સંરક્ષણ અને કાયાકલ્પના બે ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા માટે છે.

➤ **સેન્ટ્રલ તિબેટીયન રાહત સમિતિ**

કેન્દ્ર સરકારે દલાઈ લામાની સેન્ટ્રલ તિબેટિયન રિલીફ કમિટી (CTRC)ને 40 કરોડ રૂપિયાની ગ્રાન્ટ–ઈન–એઈડ આપવાની યોજનાને પાંચ વર્ષ માટે નાણાકીય વર્ષ 2025-26 સુધી લંબાવી છે. આ યોજના દેશના 12 રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલી તિબેટીયન વસાહતોમાં રહેતા તિબેટીયન શરણાર્થીઓ માટે વહીવટી ખર્ચ અને સામાજિક કલ્યાણ ખર્ચને પહોંચી વળવા માટે CTRCને રૂ. 8 કરોડની વાર્ષિક અનુદાન પ્રદાન કરે છે. તેની શરૂઆત વર્ષ 2015માં કરવામાં આવી હતી. સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય ખાનગી, સ્વૈચ્છિક એજન્સીઓ અને ભારત સરકારના તિબેટીયન શરણાર્થીઓને પુનઃ સ્થાપિત કરવા અને તેમને વસાવવાના પ્રયાસોઓ સાથે સંકલન કરવાનો છે. સમિતિમાં ભારત, નેપાળ ને ભૂટાન સ્થિત 53 તિબેટીયન વસાહતોના સભ્યોનો સમાવેશ થાય છે.

## વિશ્વ

➤ **શ્રી એલેકઝાન્ડર વ્યુસિક સર્બિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા**

શ્રી એલેકઝાન્ડર વ્યુસિક સર્બિયાના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા છે. શ્રી એલેકઝાન્ડર વ્યુસિક 2017થી સર્બિયાના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી રહ્યા છે. આ અગાઉ તેમણે વર્ષ 2012થી સર્બિયન પ્રોગ્રેસિવ પાર્ટી (SNS)ના પ્રમુખ તરીકે સેવા આપી છે. સર્બિયા દક્ષિણ યુરોપમાં સ્થિત એક લેન્ડલોક દેશ છે. સર્બિયા હંગેરી, રોમાનિયા, બલ્ગેરિયા, ઉત્તર મેસેડોનિયા, ક્રોએશિયા, બોસ્નિયા અને હર્ઝેગોવિના અને મોન્ટેનેગ્રો સાથે સરહદો ધરાવે છે. સર્બિયાની રાજધાની બેલગ્રેડ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **રશિયા માનવ અધિકાર પરિષદમાંથી સસ્પેન્ડ**

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC)માંથી રશિયાને સસ્પેન્ડ કરવાના પક્ષમાં મતદાન કર્યુ હતું. 193 સભ્યોમાંથી 93 દેશોએ રશિયાને કાઉન્સિલમાંથી હટાવવાની તરફેણમાં મતદાન કર્યુ હતુ, જ્યારે 24 દેશોએ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યુ હતું. આ સમયે ભારત સહિત અન્ય ઘણા દેશોએ આ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો ન હતો. અને તેઓ તટસ્થ રહ્યા હતા.

➤ **Global Wind Report 2022**

Global Wind Report 2022 અનુસાર વર્ષ 2021 એ પવન ઉર્જા ક્ષેત્ર માટે બીજું શ્રેષ્ઠ વર્ષ હતું આ રિપોર્ટ Global Wind Energy Council (GWEC) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ જણાવે છે કે 2021માં 93.6 GW ક્ષમતા સ્થાપિત કરવામાં આવી હતી જ્યારે 2020માં તે 95.3 GW હતી. પવન ઉર્જાની સંચિત ક્ષમતા વધીને 837 GW થઈ ગઈ છે. 2021માં 21.1 GW ઓફશર વિન્ડ સેગમેન્ટ્સ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા.

## ICE ? Questions

- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં વર્લ્ડ બેંકના પ્રતિનિધિઓ–રાજ્ય સરકાર અને AMCની બેઠક યોજાઈ હતી. જેમાં વર્લ્ડ બેંક દ્વારા અમદાવાદ મહાનગરપાલિકાને કેટલા હજાર કરોડ રૂપિયાની લોન આપવાનું સૈદ્ધાંતિક રીતે નક્કી કરવામાં આવ્યું છે ? – 3000 કરોડ
- તાજેતરમાં કોણે 'ઓપરેશન ઉપલબ્ધ' હેઠળ કથિત કાળાબજારીઓ સામે સમગ્ર ભારતમાં અભિયાન શરૂ કર્યુ છે ? – RPF
- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિશ્રીએ...............દેશની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે નાણાકીય, ગુપ્ત માહિતી અને આપત્તિ વ્યવસ્થાપન સહિત ચાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. – તુર્કમેનિસ્તાન
- તાજેતરમાં કોણે 'મંથન' આઈડિયાથોન શરૂ કરી છે ? – SEBI
- એક્સિસ બેંક કઈ બેંકને હસ્તગસ્ત કરશે ? – સિટી બેંક
- 'જળ શક્તિ અભ્યાન : કેચ ધ રેઈન કેમ્પેઈન 2022'ની શરૂઆત 29 માર્ચ 2022ના રોજ.............રાજ્યના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે કરી છે. – મણિપુર
- ટી.બી. નાબુદ કરવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના બાયો ટેકનોલોજી વિભાગ દ્વારા ............. નામની પહેલ શરૂ કરી છે. – Dare2eraD TB
- તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા બ્રોડકાસ્ટ સેવા પોર્ટલ (BSP) શરૂ કરવામાં આવ્યું છે ? – માહિતી પ્રસારણ મંત્રાલય
- ભારતે UN Women માટે કેટલા લાખ ડોલરનું યોગદાન આપ્યું છે ? – 5 લાખ ડોલર
- તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ............... યોજના શરૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય ભારતના કેટલાક રાજ્યોમાંથી પસંદગીના આંતરરાષ્ટ્રીય સ્થળો સાથે હવાઈ જોડણને પ્રોત્સાહન આપવાનો છે ? – આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણ યોજના
- ગુજરાતના કયા સ્થળે ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલ પ્રોડક્શન માટેનો પ્લાન્ટ સ્થપાશે ? – ભૂજ
- તાજેતરમાં સર્બિયાના રાષ્ટ્રપતિ તરીકે કોણ ફરીથી ચૂંટાયું છે ? – શ્રી એલેકઝાન્ડર વ્યુસિક
- તાજેતરમાં કયા મંત્રાલયે Temple 360 પોર્ટલ શરૂ કર્યુ છે ? – સંસ્કૃતિ મંત્રાલય
- તાજેતરમાં કયા દેશને સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે ? – રશિયા
- Global Wind Report 2022 અનુસાર કયું વર્ષ એ પવન ઉર્જા ક્ષેત્ર માટે બીજુ શ્રેષ્ઠ વર્ષ હતું ? – 2021
- કેન્દ્ર સરકારે સેન્ટ્રલ તિબેટિયન રિલીફ કમિટીને 40 કરોડ રૂપિયાની ગ્રાન્ટ–ઈન–એઈડ આપવાની યોજનાને કેટલા વર્ષ સુધી લંબાવી છે ? – 5

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'સાજીબુ નોંગમા પાનબા' (Sajibu Nongma Panba) કયા ભારતીય રાજ્યનો પરંપરાગત તહેવાર છે ?
– મણિપુર
(સાજીબુ નોંગમા પાનબા એ મણિપુરમાં સનમહ ધર્મના અનુયાયીઓ માટે ચંદ્ર નવા વર્ષ તરીકે પરંપરાગત તહેવાર છે. આ તહેવાર મણિપુરના સૌથી મોટા વંશીય સમુદાયોમાંના એક મીતેઈ અથવા મેઈતેઈ લોકો દ્વારા ઉજવવામાં આવે છે.)

2. યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) સિસ્ટમે વોલ્યુમની દષ્ટિએ કયો આંકડો પાર કર્યો છે ? – 500 કરોડ
(નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના ડેટા અનુસાર UPIએ વોલ્યુમની દષ્ટિએ 500 કરોડનો આંકડો પાર કર્યો છે.)

3. કયા શહેરમાં 'Global Collaboration Advanced Vaccinology Training' બેઠકનું આયોજન કર્યું હતું ?
– જિનીવા

4. ભારતીય હવામાન વિભાગ (IMD)ના વિશ્લેષણ દર્શાવે છે કે ભારતમાં...............વર્ષમાં માર્ચના સૌથી ગરમ દિવસો નોંધાયા છે. – 121

5. કયા ભારતીય અબજપતિ દેશમાં 'Hurun Richest Self-Made Women in the world 2022'માં ટોપ પર છે ? – ફાલ્ગુની નાયર

6. સ્ટેટ બાયોડાયવર્સિટી સ્ટ્રેટેજી એન્ડ એક્શન પ્લાન (SBSAP) વિકસાવવા માટે કયા ભારતીય રાજ્યએ WWF ઈન્ડિયા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – અરૂણાચલ પ્રદેશ

7. રોડ સેફટી પ્રોજેક્ટના ભાગરૂપે કયા ભારતીય શહેરને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત કેમેરાથી આવરી લેવામાં આવશે ? – કોઝિકોડ

8. સરકારે ફોરેન ટ્રેડ પોલિસી 2015-20ને.............સુધી 6 મહિના લંબાવી છે. – 30 સપ્ટેમ્બર, 2022
(વર્તમાન વિદેશી વેપાર નીતિ 2015-20 31 માર્ચ 2022 સુધી માન્ય હતી. હવે તેને 30 સપ્ટેમ્બર, 2022 સુધી લંબાવવામાં આવી છે.)

9. સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજનાના તાજેતરમાં કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 6 વર્ષ
(સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના ભારત સરકાર દ્વારા 5મી એપ્રિલ, 2016ના રોજ શરૂ કરવામાં આવી હતી. તેણે 5 એપ્રિલ, 2022ના રોજ છ વર્ષ પૂરા કર્યા છે.)

10. ગણગૌર ઉત્સવ (Gangaur Festival) મુખ્યત્વે કયા ભારતીય રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – રાજસ્થાન
(ગણગૌર ઉત્સવ મુખ્યત્વે રાજસ્થાન રાજ્યમાં ઉજવવામાં આવે છે. રાજસ્થાન પર્યટન વિભાગે કોવિડ-19 મહામારીના કારણે બે વર્ષના સમય પછી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તનના કેન્દ્રીય મંત્રી દ્વારા અસરકારક પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન અંગે જાગૃતિ માટે માસ્કોટ..........અને ગ્રીન પહેલ શરૂ કરવામાં આવી હતી. – પ્રકૃતિ

12. WHOના 'Air Quality database'ના અપડેટ મુજબ વિશ્વના કેટલા ટકા લોકો અસ્વસ્થ હવામાં શ્વાસ લે છે ? – 99

13. કયા દેશે હાઈડ્રોજન બાળીને 'ગ્રીન' સ્ટીલનું ઉત્પાદન કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે ? – સ્વીડન

14. બ્લુ નાઈલ નદી જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કયા દેશમાંથી નીકળે છે ? – ઈથોપિયા

(બ્લુ નાઈલ નદી નાઈલની ઉપનદી ઈથોપિયામાં ટાના તળાવમાંથી નીકળે છે અને ઈથોપિયા અને સુદાનમાંથી વહે છે. સુદાનના સેન્નાર પ્રાંતમાં બ્લુ નાઈલ નદી પર એક જહાજ તૂટી પડતા 23 લોકોના મોત થયા છે, જે તમામ મહિલાઓ છે, બ્લુ નાઈલ આફ્રિકન દેશોમાં લોકો અને માલસામાન માટે મહત્વપૂર્ણ પરિવહન માર્ગ છે.)

15. વેગનર ગ્રુપ કયા દેશની ખાનગી લશ્કરી કંપની છે ? – રશિયા

16. એશિયન ડેવલપમેન્ટ આઉટલુક 2022 મુજબ, 2023-24માં ભારતનો અંદાજિત વિકાસ દર કેટલો છે ? – 8%

17. કઈ સંસ્થાએ તાજેતરમાં 'Braving the storms : East Asia and Pacific Economic Update' રિપોર્ટ બહાર પાડયો છે ? – વિશ્વ બેંક

18. સેમિકન્ડક્ટર મિશનને માર્ગદર્શન આપતી સલાહકાર સમિતિના અધ્યક્ષ કોણ છે ? – અશ્વિની વૈષ્ણવ

(ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે રૂ. 76,000 કરોડના સેમિકન્ડકટર મિશનને માર્ગદર્શન આપવા માટે 17 સભ્યોની સલાહકાર સમિતિની રચના કરી છે. ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી આ સમિતિના અધ્યક્ષ હશે.)

19. ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) પોલિસીમાં ઈ–સાઈકલનો સમાવેશ કરનાર પ્રથમ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કયું છે ? – નવી દિલ્હી

20. તાજેતરમાં શોધાયેલ બાહ્ય ગ્રહ K2-2016-BLG-0005LB કયા ગ્રહની લગભગ સમાન જોડિયા ધરાવે છે ? – ગુરુ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમારા વોટ્સઅપ ગ્રુપમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

joinicerajkot.com

CLICK HERE

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

અમારા ટેલિગ્રામ ચેનલમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

t.me/iceonlinerajkot

CLICK HERE

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT